સુધરેલી રીત મુજબ
વર્નાક્યુલર ટેક્સ્ટ બુક્સ રીવિઝન કમિટિએ
તૈયાર કરેલી

બીજી ચોપડીના અર્થ.

જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; પાઠના સવાલ; પાઠનો સાર; ભૂગોળ; પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષર; ડમ્બેલ્સની ડ્રિલ: વિગેરે.

રચનાર—મેસર્સ. સી. ડી શાહ એન્ડ કો.
રચનારનું ઠેકાણુ—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—C. M. Shah.
પ્રસિદ્ધ કરવાનુ ઠેકાણુ—શાહપોર-સુરત.

છાપનાર—ગોવિંદજી ડાહ્યાભાઈ નાયક.
છાપવાનુ ઠેકાણું—શ્રી 'અનાવિલ બંધુ' પ્રીન્ટીંગ પ્રેસ, બરાનપુરી ભાગળ ખાડવાળી પોળ—સુરત.

સને ૧૯૨૫] કિંમત રૂ. ૦-૪-૦ [સં. ૧૯૮૨.

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો. Depot

બીજી ચોપડીના અર્થ

પાઠ ૧.

મેજ=ટેબલ
સુથાર=લાકડાનું કામ કરનાર
કડીઓ=છો ઈંટનું કામ કરનાર
મઘમઘે=ખુશબોથીબહેક બહેક થઇ રહે
પવન=વાતું વાયું
વાસ=સુગંધ; પીમળ
તળાવ=જેની ચારે બાજુ જમીન અને વચમાં પાણી હોય તે
પહાડ=મોટો ડુંગર
પાધર=ખુલી જગા
ધર્મશાળા=મુસાફરોને ઉતરવાની વગર ભાડાની જગા
વટેમાર્ગુ=મુસાફર
ઓસરી=ઓટલી
અજવાળું=સુરજ, દીવા વગેરેનો પ્રકાશ
ઘોર=બીક લાગે તેવું
ઝગઝગે=પ્રકાશે
ઉજાસ=ઝાંખુ અજવાળું
સરજ્યાં=બનાવ્યાં
કળાતું=સમજાતું
પાડ=ઉપકાર
યાદ=ફેમ; સરત
ઉપકાર=પાડ; આભાર
ભક્તિ=ભજન

સાર—હરરોજ ઇશ્વરની ભક્તિ કરવી.

પાઠ ૨.

વર્ણન=હકીકત
ગવૈયા=ગાયન કરનાર
મધુર=મીઠું
પંખેરૂ=પક્ષી
ભમર=ભમરો
મુલ્લાં=મુસલમાનનો મીયાજી; વ્હોરાઓના ધર્મ ગુરુ
ફૂલ=અનાજનો ઊગેલો
બોડ
અંધકાર=અંધારૂં
મુજ=મારા
પંખી=પાંખવાળું પ્રાણી; પક્ષી
વન=જંગલ
વહાણું વાયું=સવાર થઇ
વીતી ગઇ=પૂરી થઇ
પૂર્વે=પૂર્વ દિશામાં
ઝગઝગાટ=ચળકાટ
ભાતભાતના=તરેહ તરેહના
દીસે=જણાય; દેખાય
પાન=પાંદડાં; પાંતરાં
કૂકડા=મરઘા
મેના=એક જાતનું સુંદર રાગનું પક્ષી
ફુટડા=રૂપાળા; શોભી
તેજ=પ્રકાશ
ફીકું=ઝાંખું

ઓહું કાળું થયું=દેખતા	રૂડું=સારૂં; ઘણું	ઢોર=ચોપગાં જાનવર;
બંધ થયા; સંતાઇ	બાંગ=બૂમ પાડીને	પશુ
ગયા	નિમાજ પઢવી તે;	ચારો=ખાવાનું
ખુણાખાંચા=ગલી કુંચી;	નિમાજ પઢવાને માટે	વેલી=વેલા
છુપી જગા	બૂમ પાડવી તે	ખીલે=ફૂટે
ખોળે=શોધે	ચંદ્રતણો=ચંદ્રમાનો	નહિ ભૂલ=ભૂલ વગર
ભક્તજનો=ભગતો	ઉદય થયો=ઊગ્યો	તાજાં=તરતનાં ખીલેલાં
ધ્યાનધરે=આંખ મીચી	કમળ=કમળનું ફૂલ	ટોળે=ટોળાબંધ
પરમેશ્વરને જુએ	પત્ર=પાંખડી	વીરા=ભાઇ
ગાન=ગાયન	ખોલે=ઉઘાડે; ખીલે	મગન=ખુશી
દાતા=સખી; દાતાર	ઉમંગી=હોંસીલા	પ્રભુકેરૂં=પ્રભુનું
દીયે=આપે	ધાય=દોડે; ઊડે	ધ્યાન=ચિત્ત; મન

સવારની હકીકત.

સમજુતી–હે ! મારા વહાલા દીકરા તું ઊઠ, જંગલમાં પક્ષીઓ બોલે છે. રાત પુરી થઇ ને સવાર પડી. પૂર્વ દિશામાં સુરજ ઊગવાની તૈયારી થવાથી અજવાળું થયું, તેથી જાત જાતનાં રંગો દેખાય છે અને ઝાડનાં પાંદડાં હાલે છે, માટે હે ! મારા વહાલા દીકરા તું ઊઠ જંગલમાં પક્ષીઓ બોલે છે. [૧] મરઘાં કુકરેકૂક કરે છે, અને કાગડા કા કા કરે છે. શોભિતા મેના, પોપટ અને મોર મીઠા બોલ બોલે છે. [ટેક ૨] સુરજના ઊગવાથી ચંદ્રમાનું અજવાળું ઝાંખું પડયું અને તારાનો પ્રકાશ દેખાતો બંધ થયો; મતલબ કે તારા દેખાતા નથી. તેથી ચોર લોકો ઝંખવાઇ ગયા અને સંતાઇ જવા માટે ગલીકુંચી શોધે છે. [ટેક ૩] ભગત ઇશ્વરનું ધ્યાન ધરે છે, અને ગવૈયાઓ ગાયન ગાય છે. ઉદાર માણસો ઘણું દાન આપે છે, અને મુલ્લાંજી નિમાઝ પઢવાને

માટે જમ પાડે છે. [ટેક ૪] સુરજ ઊગ્યો તેથી રાતનું અંધારૂં જતું રહ્યું, ભમરો ગું ગું અવાજ કરી રહ્યો છે, અને કમળનાં ફૂલની પાંખડીઓ ખીલે છે. [ટેક ૫] જેમ જેમ સુરજનું અજવાળું વધારે વધારે પડતું જાય છે મતલબ કે જેમ જેમ દિવસ ચઢતો જાય છે તેમ તેમ માણસો ધંધે વળગવાને હોંસીલા થાય છે. પક્ષીઓ આકાશમાં દોડે છે, અને ઢોરો ચારો શોધે છે. [ટેક ૬] ઝાડ, વેલા, ફળ અને ફૂલ, ભૂલ વગર એટલે નિયમસર ખીલે છે; ઘણાં પક્ષીઓ એકઠાં થઇને તાજું અનાજ ખાવાને માટે જાય છે. [ટેક ૭] મા એમ કહે છે કે, હે ભાઈ! તું ખુશી થઇને પરમેશ્વરનું નામ લઇને ઊઠ અને મન દઇને પાઠ વાંચ. [ટેક ૮]

પાઠ ૩.	હોળી=ફાગણ સુદ પુનેમ	પંખા=વીંજણા
વરસ=બાર મહીના	સુદ=અજવાળીઉં; મહીનાનું પહેલું પખવાડીઉં	ચોમાસું=વરસાદની ઋતુ
ઋતુ=મોસમ; રત	વદ=અંધારીઉં; મહીનાનું બીજું પખવાડીઉં	બળેવ=રાખડી બાંધવાનો દિવસ; શ્રાવણ સુદ ૧૫
મહીનો=ત્રીસ દિવસ	પખવાડીઉં=પંદર દિવસ	દશેરા=રાખડી છોડવાનો દિવસ; આસો સુદ ૧૦
કારતક=હિંદુ વરસનો પહેલો મહીનો	તિથિ=દિવસ	દિવાળી=હિંદુ વરસના છેલા મહીનાનો છેલ્લો દિવસ; આસો વદ અમાસ
તહેવાર=આનંદનો દિવસ	અમાસ=હિંદુ મહીનાનો છેલ્લો દિવસ; જે દિવસે ચંદ્ર બીલકુલ ઊગતો નથી તે દિવસ	પર્વ=તહેવાર; આનંદનો દિવસ
શિયાળો=ટાઢની મોસમ	વસ્ત્ર=લુગડાં	
થથરાવે છે=ધ્રુજાવે છે		
ઉતરાણ=સંક્રાંત; સુરજનું ઉત્તર તરફ જવું તે		
ઉનાળો=ગરમીની મોસમ		

સવાલ—વરસની ઋતુ કેટલી ને તે કઇ કઇ? દરેક ઋતુ કેટલા મહીનાની અને તે મહીના કયા કયા? વરસના મહીના કેટલા? મહીનાના

દિવસ કેટલા, પખવાડીઆં કેટલા અને તે કયાં કયાં ? પખવાડીઆના દિવસ કેટલા ? મહીનામાં પુનેમ અને અમાસ કેટલી આવે ? મહીનામાં બીજી તિથિઓ કઇ કઇ આવે અને કેટલીવાર આવે ? શિઆળો, ઉનાળો , અને ચોમાસાને શેની મોસમ કહે છે ? દરેક ઋતુમાં કયા કયા તહેવાર આવે છે અને તે કઈ તિથિએ આવે છે ?

પાઠ ૪.

મેળો=ઘણાં માણસો અને ગાડી ઘોડા વગેરેની ઠઠ

ગોકળઆઠમ=શ્રાવણ વદ આઠેમ; જન્માષ્ટમી

ફડફડતાં=ભરતીવાળાં

ભાઇબંધ=દોસ્તદાર

ઠઠ=ગીરદી; ભીડ

નોખુટા=જુદા

દુકાન=માલ વેચવાનું ઠેકાણું

કંસારા=તાંબા પિત્તળનાં વાસણ બનાવનાર અથવા વેચનારા

તાંબું=લાલ રંગની ધાતુ

પિત્તળ=તાંબું અને જસતની મેળવણીથી બનેલી પીળા રંગની ધાતુ

સુખડીઆ=મિઠાઇ બનાવનાર

હાટ=દુકાન

કોપરાપાક=કોપરાનો બનાવેલો પાક

મિઠાઈ=બરફી, પેંડાવગેરે

ખડકેલી=ગોઠવેલી

ખરાદી=સિંઘાડા ઉપર ઘાટ ઉતારનાર

સામાન=ચીજો; વસ્તુઓ

પલંગ=છત્રીવાળો કોચ

પારણું=હીંડોળા જેવું ઘોડીઉં

કોચં=બે બાજુએ તકીઆવાળો પલંગ

કાપડીઆ=કાપડ વેચનાર

સુતરાઉ=સુતરનું બનાવેલું

ઊનનું=ઘેટાના વાળનું

રેશમી=રેશમનું બનાવેલું

શણ=એક જાતનો છોડ. એની છાલનાં દોરડાં તથા કપડાં બને છે

સરૈયા=અત્તર, ગુલાબજળ, ફુલેલ વગેરે સુગંધી વેચનાર

બહેકબહેક=મઘમઘ

લીલો મેવો=તાજાં પાકાં ફળ

દ્રાક્ષ=દરાખ

ચોગાન=ખુલ્લું મેદાન

મદારી=ખેલ કરનાર

ખેલ=રમત

સિપાઈ=ચોકીદાર

સવારો=ઘોડે બેસી ફરનાર

ફુદડી=ચક્કર

સવાલ—ગોકળ આઠમના મેળામાં શું શું જોયું ?

પાઠ ૫

નઠારી=ખરાબ
સોબત=સંગત
પટેલ=ગામનો ઉપરી
વાડી=ફૂલ, ફળનાં ઝાડ ઉગાડવાની જગા
મઝા=ગમત
શેખી=પતરાજી
પારકાં=પરાયાં; બીજાંનાં
માને=કબુલ કરે
આખરે=અંતે
ઝાંપો=કાંટાનો દરવાજો
આઘે=દૂર
ખાસાં=સારાં; મજાનાં
નિશાન=ઓળખાણ
તાકીને=ધારીને
ઝૂમખ=ઝુમખો
તૂટી પડે=નીચે પડે
ઘાટ=ઇલાજ; ઉપાય
રાસ=દોરડું
હમલે હમલા=ઘણુંજ
દોસ્ત=ભાઇબંધ; મિત્ર
ફક્કડ=સારા.
પછવાડેથી=પાછળથી
રખેવાળ=સાચવનાર
સજડ=જોરથી
ઝપાટો=સપાટો
થડ=ઝાડનો વચલો ગોળ ભાગ
અથડાયું=અફળાયું
ચકરી=તમ્મર; ફેર
ખુંદાઇ=ચગદાઇ
લોહીલોહાણુ=લોહીથી ખરડાએલું
વાડીવાળો=વાડીનો ધણી
લપડાકો=તમાચા
જીવ લઇને નાઠો=ખુબ દોડયો
ફરીને=પાછળ
ઠોલો=થપ્પડો
ફળ=ફાયદો; લાભ

કવિતાના અર્થ.

અસર=લાગણી
સંગ=સોબત; સંગત
રંગ=અસર; પાસ
પ્રેમ=પ્યાર; હેત
ઠામ=ઠેકાણું
ઠરશે=ઉભો રહેશે
બુરો=નઠારો; ખરાબ
મે'તા=મહેતાજી
ભાગ્યશાળી=નસીબદાર
વિદ્યા=ઇલમ; ભણતર; હુનર

સોબત તેવી અસર.

સમજુતી—જેને જેવી સોબત તેને તેવીજ અસર થાય; જેને જેવી સોબત તેવોજ પ્યાર તેનામાં આવે. (૧) જેને જેવી સોબત તેને જેવાંજ તે કામ કરશે. જેને જેવી સોબત તેવીજ જગાએ તે આખરે ઉભો રહેશે. (૨) સારી સોબતથી સારો થશે, નઠારી સોબતથી

નઠારો થશે; સારા મહેતાજીની સોબતથી વિદ્યા ભણે અને નસીબવાન થાય મતલબ કે સારા ગુણવાળા મહેતાજીના હાથ નીચે કેળવાય તે નસીબવાન થાય. (૩)

સાર—નઠારી સોબતથી તેની નઠારી અસર આપણા પર થાય છે, માટે નઠારા માણસની સોબત કરવી નહિ પણ સારા માણસની કરવી.

પાઠ ૬.

ખડેલ=રખડતો
ખાતાં પીતાં હતાં=પૈસે ટકે સુખી હતાં.
વગે=ઉંમરે
પાર રહ્યો જ નહિ=ઘણો જ થયો
વધાઈ=વધામણી; ખુશ ખબર
ઓવારણાં=દુખડાં
ફોઇ પગલું=ફોઇના તરફથી જે પગલું બાંધવામાં આવે છે તે
ભેટ=ઇનામ
લાડીલો=લાડમાં ઉછરેલો; લાડકવાયો
કુટેવ=નઠારી આદત; ખરાબ ટેવ; ખો
પોળ=મોટી ખડકી
અટકચાળાં=અડપલાં; કોઇને ખોટું લાગે એવું કર્યા કરવું તે
લડાઇ=વઢવાડ
વંઠી જશે=બગડી જશે
સીધું ચાલવું=તોફાન મસ્તી ન કરવી
બહાને=નામે
ચોટું=બજાર
રઝળતો=રખડતો
ટોળું=જથો
મસ્તી=તોફાન
લાતાલાતી=લાતબાજી
લાત=પાછલો પગ મારવો તે
ઉતરી ગયો=સાંધામાંથી ખસી ગયો
ભેંકડો તાણતો હતો=મોટે સાદે રાગ કાઢી રડતો હતો
હાડવૈદ=ભાંગેલું હાડકું બેસાડનાર વૈદ
લેપ=ખરડ
ઓસડ વેસડ=દવા ને તેના ઉપાય
વલે=દશા; ભુંડો હાલ
ખો=આદત; ખરાબ ટેવ
શિખામણ=ફાયદાની વાત; બોધ
સુધરી ગયો=કુટેવ છોડી દીધી

સાર—નિશાળનું નામ દઈ રસ્તામાં રઝળવું નહિ, અને નઠારાની સોબત કરવી નહિ.

પાઠ ૭.

જાફ્રી=પોતાની મરજી પ્રમાણે ચાલનાર;જીદ્દી
વાછરડાં=ગાયનાં બચ્ચાં
લવારાં=બકરીનાં બચ્ચાં
પાડાં=ભેંસનાં બચ્ચાં
ગાડરાં=ઘેટાનાં બચ્ચાં
ચારો=ઘાસ
નીરતો=નાખતો
ખાંધે=ખભે
ખેતર=અનાજ પાકે તે જગો
ઝોક=બકરાં, ઘેટાં રાખવાનો વાડો
છાંયે=શીળે; છાંયડે
વાંસળી=વાંસનું કાણાં પાડી બનાવેલું વાજું
પાવો=પીસવો; સિસોટી
હૂંફ=ગરમી; આશરો
જતન=રક્ષણ; સંભાળ
રબારી=ઢોર ચરાવનાર
ઊંચી ગઇ=ઊડી ગઇ; દૂધ દેતી બંધ થઇ
જાળવતો=સાચવતો
વિઆય=જણે
ધણી=માલીક
સાચવણી=સંભાળ
તકરાર=વઢવાડ; રકઝક
શિકારી=શિકાર કરનાર
અજાણ્યું=ઓળખાણ વગરનું
મોજ=મજા; આનંદ
અભાગીઉં=કમનસીબ

પાઠ ૮.

ગોંધતો=પુરી રાખતો
ચેન=સુખ; મજા
બંધીખાનું=કેદખાનું
ચાંદની=ચંદ્રનું અજવાળું
ખેલવું=રમવું
ઠરેલ=ડાહી
નાદાન=સમજણ વગરનું
સંભાળ=ખરદાસ
સપડાઇ પડશે=હેરાન થશે; ફસાશે;
જક=જીદ; હઠ
લાગ=દાવ; તક
સટકી ગયું=છાનું માનું નાસી ગયું
ઠેકવા=કુદકા મારવા
પાદર=ગામના ઝાંપા બહારની જગા
વગડો=જંગલ
કોતર=ગુફા; બખોલ
તરાપ=કુદકો; ફાળ
બોડ=ગુફા; બખોલ
કમોતે=નગરમોતે

સાર—માબાપ, મહેતાજી વગેરે કોઇ સારી શિખામણ આપે તે મુજબ ચાલવું ને હઠ કરવી નહિ.

પાઠ ૯.

રિસાળ=રિસાઇ જાય એવો
સહેજ સહેજમાં=જરા જરામાં
રીસ=ગુસ્સો; મિજાજ
છેડો=પાર; અંત
ભાગ્યે=કદાચ
આડોશી પાડોશી=પાસ

પાસના ઘરના રહેનાર
સાથેબાંધું=સગાંવહાલાં
જમણ=જમવાનું
ચીસ=બીકથી બૂમ

પાડવી તે
ટેવ=આદત
નકામો=અમથો
ઢોંગ=ફેલ

વેદના=દુઃખ
મુદ્દલ=બીલકુલ
પસ્તાયો=દીલગીર થયો
નડે=હેરાન કરે

સાર-જરા જરા વારમાં રિસાઇ જવું નહિ

પાઠ ૧૦.
જાળ=કરોળીઆનું પડ; જાળું; ફાંદો
ફરી ફરીને=વારે વારે
વિષે=બાબત
વણ=વગર
તૂટેલ=તૂટી ગએલ
તાંતણે=તારે
મહેનત શરૂ કરી=મહેનત કરવા માંડી

માટ=મટે
ફાવ્યો=પાર પાડ્યો
ઘાટ=ઉપાય
ભીડ્યો=હોંસથી મંડ્યો રહ્યો
ધીરજ=ધણુરી
નીરધાર=નક્કી
ખંત=ચેટક; કાળજી

યત્ન=મહેનત
ચગદાઇ=છુંદાઇ; દબાઇ
તળે=નીચે
મોત=મરણ
તજી=છોડી
અનંત=ઘણોજ
લાભ=ફાયદો
પામે=મેળવે

ફરી ફરીને સારૂં કામ કરવા બાબત.

સમજુતી—કરોળીઓ જાળ બનાવતાં ભોંય પર પડી જાય છે. ત્યારે મમરાય છે અને વગર તૂટેલા આખા તાર ઉપર ચઢવાને માટે ફરીથી જાય છે. (૧) કરોળીઆએ તાર ઉપર ચઢવાને માટે મહેનત કરવા માંડી; પણ તરત તે નીચે પડ્યો અને ઉપર ચઢવાના કોઈ ઉપાયમાં ફાવ્યો નહિ. (૨) એવી રીતે પડતો અને ચઢતો ફરી ફરીને બે ત્રણ વાર મંડ્યો રહ્યો, તોપણ તેમાં ફાવ્યો નહિ, ત્યારે ફરીને ચઢવાને તૈયાર થયો. (૩) હિંમત રાખીને ઉમંગથી છઠ્ઠીવાર ચઢવાને મંડ્યો; તેણે ધીરજ રાખી તેથી તે નક્કી જાળામાં જઇ પહોંચ્યો. (૪) જો કરોળીઆએ ફરી ફરીને કાળજીથી મહેનત નહિ કરી હોત

તો પગ તળે છુંદાઇને વગર મોતે મરી જાત. (૫) એ પ્રમાણે કરોળીઆની પેઠે જે માણસો મનમાં કાળજી રાખીને આળસ કાઢી નાખીને મહેનત કરે તો ઘણોજ ફાયદો મેળવે.

સાર—સારૂં કામ ફરી ફરીને ઉમંગથી કરવું.

પાઠ ૧૧.	વડો=મોટો	નજર ફેંકી=જોઇ
ચકભિલ્લુ=એક જાતની રમત	સરદાર=ઉપરી	પૂર જોસથી=ઘણા જોરથી
કુચ્છ=કાછડો; કચ્છો	ઘૂમી રહ્યા=આમથી તેમ ફરી રહ્યા	ભૂલથાપ=ભુલાવો
ગઢ=કિલ્લો	દાવમાં=લાગમાં	શાબાશ=ધન્ય
સાથી=સોબતી	પેંતરા=ડગલાં; પગલાં	દાવ=રમત
ભિલ્લુ=સાથી		

સાર—શરીરની સાથે મન કેળવાય એવી રમતો રમવી.

પાઠ ૧૨.	વચન=બોલ	કુટુંબ=વંશ; ઓલાદ
દૃઢ મનવાળો=પાકા વિચારવાળો	ખાતરી=ભરોસો	છંછેડે=હરકત કરે
ગેડીદડા=દડો અને તેને ફેંકવાની લાકડી	સુનું=વસ્તી વગરનું	પીઠ=વાંસો
ડગલું=પગલું	મોં ફેરવી=મોં ચઢાવી	ઘાટ=આકાર
રંગ જામ્યો=મજા આવી	પીડા=પંચાત; દુઃખ	સોહામણી=શોભિતી
પછી તો ધૂળ=પછી કંઈ મજા પડવાની નથી	મન ડગવા દીધું નહિ=મરજી મુજબ કર્યું નહિ	ભપકાદાર=રોફવાળા
	પાઠ ૧૩.	કોરીને=કાણાં પાડીને
	મધમાખી=મધ બનાવનારી માખી	દુભાવો=નારાજ કરો
		નુકસાન=બગાડ
		સ્વાદે=સહેજતથી
		નવાઇ=અચરજ

સાર—કોઇનું ભલું કરીએ તો આપણું ભલું થાય. અને કોઇનું બુરૂં કરીએ તો આપણું બુરૂં થાય.

પાઠ ૧૪.

મોસાળ=માના બાપનું ઘર; મામાનું ઘર
આંખટાઢી થઇ=સંતોષ થયો.
અંગેઠી=પોંક પાડવાની ભઠ્ઠી
ઉલટભેર=હોંસથી
ઠેસ=ઠોકર
હોંસભેર=ઉમંગથી
પસ્તાયો=દીલગીર થયો
વાંક=ગુનો; તકસીર
સાજું=આખું
હરખ=આનંદ
ઉતાવળ=ઝડપ

સાર—(૧) કોઈપણ કામ ઉતાવળથી કરવું નહિ. (૨) જેવું આપણું તેવું સામાનું સમજવું.

પાઠ ૧૫.

ઢીંગલી =નાની પુતળી
તખતો=આરસો
ઝૂટવી લીધો=એકદમ ઝડપ મારી લઇ ગયો
સરી પડ્યો=લપસી ગયો
બરડ=ઝટ ભાંગી જાય એવો
પાછાડીએ=અફાળીએ
ખેંચતાણ=ખેંચાખેંચી
કાયર=હેરાન
પજવે=દુઃખ દે
ફુટી બદામ=ખોટીબદામ; નજીવી કિંમત
સહીઅરો=બેનપણીઓ
કટ્ટા=એક બીજાની સાથે બોલવું કે રમવું નહિ તે
આપણ=આપણે
સુખેચેન=મઝા
શોક=દીલગીર
લાજ=આબરૂ
ઘટે=ઓછી થાય
નિંદે=ખોટું ખોટું બોલે
બળવંતા=જોરાવર
સદા=હંમેશાં
લેશ=જરાપણ
કલેશ=કંકાસ
કોય=કોઇ

હળીમળીને રહેવા વિષે.

સમજુતી—આપણે બને જણ ભાઇ અને બેન સંપીને હળીમળીને રમીએ તો સુખ થાય અને મજા પડે, પણ જો લડીએ કે કજીઓ કરીએ તો ઘણી દીલગીર થાય, આબરૂ ઓછી થાય, અને લોકો નઠારૂં બોલે. (૧) હે જોરાવર બાપ પરમેશ્વર તું અમને હંમેશાં સંપ આપ; (હળીમળીને રહેવાની બુદ્ધિ આપ) જેથી કરીને કોઇ દિવસ જરાપણ કંકાસ થાય નહિ; ને અમારા દહાડા સુખમાં જાય (૨) છોકરાં હળીમળીને રહેતાં હોય અને કોઇ દિવસ કોઈ લડે કે રડે.

નહિ, તેઓ હળીમળીને રમે, જમે અને ગીતો ગાય; તો મા ઘણી ખુશી થાય. (૩) સાર–ભાઈ બેન સાથે સંપી ચાલવું.

પાઠ ૧૬.

રામચંદ્રજી=અયોધ્યામાં એ નામના રાજા થઇ ગયા તે. હિંદુ લોકો તેમને પરમેશ્વરનો અવતાર માને છે
ઇચ્છા=મરજી
ગભરાટ=ગભરામણ
છેવટે=આખરે
ફેરવવા=બદલવા
ફાંફાં=ખોટી મહેનત
ગણકાર્યું=માન્યું
ડસકાં=રડતાં રડતાં આચકા ખાવા તે
રોણું=રડવાનું તોફાન
ખીજવાયા=ગુસ્સે થયા
રડપર=રડવા પર
ગોદ=ખોળો
ધીરા=શાંત
છાના=મુંગા
પ્રધાન=વજીર
દર્પણ=આરસી
દશરથ=રામચંદ્રજીના બાપ
મહારાજા=મોટારાજા
શ્રી=સારા; શોભાયમાન

સાર—અક્કલ વાપરી યુક્તિથી કામ કરવું.

પાઠ ૧૭.

વગર વિચાર્યું=વિચાર વગરનું
જોડું=ધણીધણિઆણી
કચરો પુંજો=કચરો વગેરે
પરવારી=નવરી થઇ
કથા=ઇશ્વર સંબંધી વારતા
મળતું=પેદા થતી
ગુજરાન=ગુજારો
છોકરાંછૈયાં=છોકરાં છોકરી
પેટે=પોતાને
ઓછું આવતું=ખોટું લાગતું
પાપ=ખોટાં કામ
આધાર=આશરો; ભરોસો
સારૂં=ભલું; કલ્યાણ
આંગણું=બારણા આગળની જમીન
તરફડતું=તરફડીઆં મારતું
દયા=રહેમ; મહેર
છિછેરીને=મોઢું કરીને
જન્મ થયો=અવતર્યો
લોહીઆળું=લોહીવાળું
ગુસ્સો=રીસ
બેડું=ગાગર ને ઘડો
કકડા=ટુકડા
ભાંગતૂટી=સમજાય નહિ તેવી
બોલી=બોલ
મૂર્ખ=બેવકૂફ

ચાપી=ચંડાળ; દુષ્ટ	પુત્ર=છોકરો	વજે=કામ આવે
અભાગણી=કમનસીબ	જીવ=પ્રાણ	જાન=જીવ

વગર વિચાર્યું ન કરવા બાબત.

સમજુતી—જે માણસ વિચાર કર્યા વગર કામ કરે છે, તે પાછળથી દીલગીર થાય છે, જુઓ, એવાં વગર વિચારનાં કામ કરવાથી ઘણાના જીવ જાય છે. મરી જાય. (૧) સાર—ઉતાવળથી વગર વિચારે કામ કરવું નહિ.

પાઠ ૧૮.	છાપખાનાવાળા=છાપખાનાનો માલીક	ડરતો=બીતો
સંદેશો=ખબર	ગોઠવણ=બંદોબસ્ત	પંપાળી=હાથ ફેરવી
ખોડંગતો=લંગડાતો	ગાર્ડ=સંભાળ રાખનાર	ડર=બીક
દુઃખી=હેરાન	સરનામું=ઠેકાણું	નજીક=પાસે; સેડે
મદદ=આશરો	સ્ટેશન=આગગાડી ઉભી રાખવાનું મુકરર ઠેકાણું	ઠરાવ=કરાર; થએલી વાત
હુંફાળું=ગરમ	ખડખડાટ=અવાજ	ઝપાટાબંધ=દોડતો
પરાળ=ભાતનું ઘાસ	સિસોટી=પીસવો	ખબરદાર=હોશિયાર
છાપું=ચાલતા વખતની ખબરનો છાપેલો કાગળ		આઠ કલાકમાં ૧૫ મિનિટ બાકી=૭ાા વાગે

સાર—(૧) દુઃખ પ્રાણીપર દયા રાખવી. (૨) જનાવરોને કેળવવાથી તેઓ માણસ જેવું કામ કરી શકે છે.

પાઠ. ૧૯.	માથું મારી=હિંમત કરી	વેગળા=દુર
કોણી=હાથને વાળવાનો વચલો સાંધો	છાતીવાળો=હિંમતવાન	બુઝાડી=વળગાડી
ઢીમણું=ઢીમું	ધરાયો=તરપત થયો	પેટભરી=જોઇએ તેટલા
	હડસેલો=ધક્કો	

સાર—(૧) ગરીબ માણસને મદદ કરવી. (૨) ઇશ્વરે આપણને બળ આપ્યું હોય તો તે ગરીબ માણસને મદદ કરવામાં વાપરવું.

પાઠ ૨૦.

ખલીફા=મહમદ પેગંબરના વારસ
પાદશાહ=મુસલમાન રાજા
દરબાર=રાજકચેરી
દેખાવડો=રૂપાળો
સુબો=સુબેદાર; સરદાર
નીમણુક=ગોઠવણ
હુકમ=આજ્ઞા
ખાસ=જુદો; ખાનગી
શાહજાદો=પાદશાહનો દીકરો
શાહજાદી=પાદશાહની દીકરી
ચીતરામણ=ચિત્ર
તહેનાતમાં=ખીજમતમાં; હજુરમાં
છોકરવાદી=નાદાની
કારણ=સબબ; મતલબ
નામદાર=પ્રખ્યાત; નામીચો
ફરમાવશો=હુકમ કરશો
સમજુતી=સમજણ
મોંએ ચઢેલો=વધારે ઓળખવાને લીધે બીક વગર બોલનાર
અરજ=વિનંતી
ફરજંદો=બચ્ચાં; છોકરાં.
લાડ=વહાલ
અલ્લા=ખુદા; પરમેશ્વર
ગુનો=વાંક; તકસીર
માફ=ક્ષમા
દીલ=મન
દીલગીરી=નાખુશી
ઓહદા=હકુમત
નીમ્યો=નીમણુક કરી
કઠણ હૈયાનો=દયા વગરનો
રદ કરૂં=ફેરવી નાખું
આરબ=અરબસ્તાનનો રહેવાસી

સાર—માણસની રીતભાત ઉપરથી તેના ગુણની પરીક્ષા થાય છે.

પાઠ ૨૧.

આંધળો=જેને બે આંખે દેખાય નહિ તે
લંગડો=લુલો
ટેકરીઓ=નાના ટેકરા
માળો=પક્ષીનાં ઘર
આસપાસ=આજુબાજુ
કોહલાં=ફાડી ખાનારાં જાનવર
વાઘ=ફાડી ખાનારૂં ચટાપટાવાળું જાનવર
વરૂ=કુતરા જેવું ફાડી ખાનારૂં જાનવર
ખોંખારો=અવાજ
આડે=અવળે
દુવા=આશિષ; આશીર્વાદ
ભારી=મોટો; સખ્ત

સાર—એક બીજાને મદદ કરવી.

પાઠ ૨૨.

પડછાયો=ઓળો
ભાગોળ=દરવાજો; દરવાજા પાસેનો બજાર
ભાગ=હિસ્સો
પાર=કિનારો; કાંઠો
નદી=મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઇ બીજી નદી કે સમુદ્રને મળે છે તે
કુદકો=છલંગ
પૂલ=નદીપરથી જવા આવવાને બાંધેલો રસ્તો
થાક=વિસામો; આરામ
અદેખો=બીજાનુ સારૂં જોઈ બળે એવો
લોભી=લાલચુ
તરાપ=કુદકો; છલંગ
ખોળ=શોધ; તપાસ
પડાવી=ખુંચવી; છીનવી
દાનત બગાડી=પડાવી લેવાની ઇચ્છા કરી
ગુમાવ્યું=ખોયું
ધારે=ધારે; વિચારે

સાર—લોભ કરવો નહિ

પાઠ ૨૩.

ખરીદ કર્યું=વેચાતું લીધું
સંદેહ=વહેમ; શક
કુડખના=કુતરા, કોહલાં વગેરેને એક જાતનો રોગ થાય છે તે
દરકાર=પરવા
ડાહ્યું=ડાહ્યું
બચકું=ડાચું
ખામી=કસુર
છુટું મૂકી દીધું=છોડી દીધું
અભડાયો=અડકાયો
ભરોસો=વિશ્વાસ

સાર—આપણી આંખે ખરૂં દેખાયા છતાં બીજા પર ભરોસો રાખી ચાલી ચાલવું નહિ.

પાઠ ૨૪.

અખોટો=મંજો
છાનોમાનો=ચુપચુપ
બગાડયું=ખરાબ કર્યું
વિના=વગર
સજા=શિક્ષા
ભૂલીશ=વીસરીશ
ચોરી=છાનીરીતે બીજાની વસ્તુ લેવી તે
ચોર=છાની રીતે બીજાની વસ્તુ લેનાર

પાઠ ૨૫.

કુહાડી=લાકડા ફાડવાનું હથિયાર
બાયડો=મરદ; પુરૂષ
શાણો=ડાહ્યો
બહાદુર=જોરાવર

આવ=આ	ણીમાં આમ તેમ	વદે=બોલે
ભાળે=જુએ	ડોલ્યાં કરતાં અને	માથું હલાવી=ડોકું
નીર=પાણી જળ	તેની અંદર સમાઇ	ધુણાવી; ના કહી
ત્યાંહી=ત્યાં	સૂણી=સાંભળી	સંપત=દોલત
નિહાળ્યું=જોયું	સાદ=અવાજ	મહેર=મહેરબાની; દયા
માંહી=અંદર; માં	ભલાં=દયાળુ	જગનાથ=જગતનોધણી;
ડર્યો=બીધો		
ઝૂલતાં ને સમાતાં=પા-	દેવી માતા=દેવી	પરમેશ્વર

કુહાડી.

સમજુતી—નાનો છોકરો બાપની કુહાડી લઈ જોરાવર ડાહ્યો મદદ બન્યો ને જે કંઈ ચીજ જુએ તે ઘા મારીને કાપે, એમ રમતો ગામને પાદરે તળાવ ઉપર ગયો. (૧) ત્યાં તળાવમાં માછલાએ જરા પાણી હલાવ્યું તેથી છોકરાએ પાણીની અંદર કંઈક જોયું તેથી છોકરો મનમાં બીધો અને કુહાડી પાણીમાં પડી ગઈ, તે વખતે તે બહુ ઘાંટો પાડીને રડયો. (૨) હમેશાં પાણીમાં આમ તેમ ડોલ્યા કરતાં અને સમાઇ જતાં એવાં દયાળુ દેવી માતા છોકરાનો અવાજ સાંભળીને પાણી ઉપર આવ્યાં. દેવી બોલી કે આ રૂપાની કુહાડી લે, પણ છોકરો કહે છે કે હે! માતા મારી કુહાડી એવી નથી. (૩) બીજી વખત સોનાની કુહાડી કાઢી લાવીને બતાવી ત્યારે માથું ધુણાવી ના કહીને છોકરો કહે છે કે એ પણ મારી નથી. મને તો મારી કુહાડી બહુ ગમે છે. માટે હે! દયાળુ માજી, તમે પાણીમાંથી મારી કુહાડી કાઢી આપો. (૪) દેવીએ કુહાડી કાઢી આપી, અને છોકરાં સાથે બોલ્યાં, છોકરાને કહ્યું કે તને સુખ અને દોલત મળજો ને પરમેશ્વરની મહેરબાની થજો. સાર–પારકી વસ્તુ પર લોભવું નહિ.

પાઠ ૨૬

ભરપુર=ભરેલો
પૈસે ટકે ખાલી=ગરીબ; પૈસા વગરનો
હાલત=દશા
બદી ગયું=ઓછું થયું
ખૂબસુરત=દેખાવડો
હેત=પ્યાર; વહાલ
દેશાવર=પરદેશ
કપરા=અઘરા; સખત
લાચાર=નાચાર
મૂલ=કિંમત
મુકામે=ઘેર
હૈયું ભરાઇ આવ્યું= રડવું આવ્યું
પંપાળતા=હાથ ફેરવતા
અરદાસ=ચાકરી
મરવડે=બોજે; પાલવે

સાર-દરેક માણસે પોતાના પ્રાણી પર ઘણોજ પ્યાર રાખવો અને જરા પણ દુ:ખ દેવું નહિ.

પાઠ ૨૭

ઝરો=પાણીનો વહેળો
ઠરાવ=દેખાવ
આંખ=નજર
નારાજ=નાખુશ
બડબડવું=મનમાં બોલવું
લજવ્યું=શરમાવ્યું
શરીર=ડીલ
લલકારવું=લહેકારીને બોલવું
ચમકી=ચોંકી
પારધી=શિકારી
વટાવી=ઓળંગી
વખોડવું=ધિક્કારવું
ભોંઠું પડયું હતું=રાંક થયું હતું
ફસાવી દીધું=દુ:ખમાં નાખ્યું
કેડો=પુંઠ

સાર-કોઇપણ ચીજને વગર વિચારે વખોડી કે વખાણવી નહિ.

પાઠ ૨૮

શિઆળ=શિયાળવાં
શહેર=જેમાં છેબંધ ને હારબંધ ઘરો હોય અને સારાં સારાં બજારો હોય તે.
બચકાં=ડાફાં
રંગરેજ=રંગારો
જરદી=પીળો
પાસ=અસર
આંગણે=બારણે
કોઠ=પેઢી; લુહાર જે જગાએ બેસી ઘાટ ઘડે છે તે જગા
ભઠ્ઠી=મોટો ચુલો
ધગધગતા=ઘણાજ ઉના
નકલ=બીજાનું જોઇને કરવું તે; કોપી

સાર-કોઇની ખોટી નકલ કરવી નહિ.

પાઠ ૨૯

વરો=જમણવાર; નાત
ઘી=તાવેલું માખણ
પિજર=બૈરાના બાપનું ઘર
મણ=૪૦ શેર

ટાંકણે=ટાંણે; અવસરે
મેળાપ=મુલાકાત
ઘડભડી=ઘડી
રડયું ખડયું=જવલ્લેજ
લેખવે=ગણે
મોંઘે ભાવે=ઘણી કિંમતથી
ખપ=જરૂર
રંક=ગરીબ
ભારેખમ=ભારબોજવાળા
માન=આબરૂ; ઇજ્જત

સાર–ભારેખમ થઇ ખુણે બેસી રહીએ, તે કરતાં બહાર પડી બધાના ઉપયોગમાં આવવું એ સારૂં છે, એમ કરવાથી વગર માગે માન મળે છે.

પાઠ ૩૦.

કુંવર=રાજાનો છોકરો
બાપકર્મી=બાપની કમાઇ ખાનાર
આપકર્મી=પોતાની કમાઇ ખાનાર
રાજપાટ=રાજગાદી
તીર્થ=પવિત્ર જગો
ધન=દોલત
ભાભી=ભાઇની વહુ
વતન=જન્મભૂમિ
ઓચીંતી=એકદમ
તરાપ=છલંગ
ઠેકાવી=ઠેકડો મરાવી
સેના=લશ્કર; ફોજ
ઉપરી=સરદાર
હિંમત=હામ
લૂણ=મીઠું; અનાજ
ફતેહ=જીત
પ્રાર્થના=માગણી
તડંગધુમ=ડંકો વગાડતાં તેમાંથી નીકળતો અવાજ
ડંકો=લડાઇનું વાજીંત્ર; નોબત
નિશાન=ધજા; વાવટા
દુશ્મન=શત્રુ
ફોજ=લશ્કર; સેના
તક=દાવ
સરદાર=ઉપરી
નાસભાગ=નાસાનાસ
કુંવરી=રાજાની છોકરી
બહાદુરી=હોશિયારી
વરમાળ=વરને કન્યા જે માળા પહેરાવે છે તે

સાર—જાતે પેદા કરી ખાવાની ઇચ્છા રાખવી.

પાઠ ૩૧.

દેડકો=ચોપગું પાણી તથા જમીનપર રહેનાર પ્રાણી
ઘાસચારો=ઘાસ વગેરે
લહેર=સપાટો
તડુકતો તડુકતો=મહેકાતી ચાલ ચાલતો
ખાબોચીઉં=પાણી ભરાએલો નાનો ખાડો
જીવ=પ્રાણ
વખાણ=કોઇ વખાણ કરે

તેમ ચઢે તેવી
ફુલાવી=મોટું કરી
બેટા=દીકરા
બોલ=શબ્દ
મમત=જીદ; હઠ
ગજા=શક્તિ
ઉપરાંત=વધારે

સાર–ગજા ઉપરાંત કામ કરે તો મરે, નહિ તો માંદો પડે. માટે ગજા ઉપરાંત કામ કરવું નહિ.

પાઠ ૩૨.

ભિખારી=ભીખમાગનાર
તળાવડી=નાનું તળાવ
લપસી=ખસી; સરી
ધ્રૂજતો=કાંપતો; થરથરતો
ખાદી=જાડું લુગડું; દોટી
વાત=રાગન
મલમલ=ઝીણું સુતરાઉ કપડું
બફારો=પસીનો
સાહુકાર=રૂપીઆ ધીરવાનો ધંધો કરનાર
જેમ તેમ=ગમે તેમ
બેદરકાર=બેપરવા; મરજ વગરનો
કસ=કેંસ
જાતે=પોતે

સાર–કપડાં મેલાં પહેરવાં નહિ, કપડાં ગમે તેમ પહેરવાં નહિ. કસ કે બોરીયાં છુટાં ન રાખવાં. ટોપી બરાબર ઘાલવી.

પાઠ ૩૩.

બ્રાહ્મણ=હિંદુની ઉચી જાત
ગણેલા=અનુભવ મેળવેલા
સારો=લાયક
ધંધો રોજગાર=વેપાર વણજ
જડતો=સૂઝતો; માલમ પડતો
દેશાવર=પરદેશથીજેદેશ
દોરીને=હાંકીને
સ્ત્રી=બૈરી
પગલાં=પગનાં તળીઆંનો આકાર
અંગુડીઆ=પગને અંગુઠે પહેરવાનું ઘરેણું
જોડવાં=પગને અંગુઠે તથા તેની જોડેની આંગળીએ પહેરવાનું રૂપાનું ઘરેણું; વેઢ
નિશાની=એંધાણી
વહેળો=નાની નદી
શેલો=શીલા; પત્થર
ધોબી=લુગડાં ધોવાનો ધંધો કરનાર
ધોબણ=ધોબીની બાયડી
રાજમારગ=મોટો રસ્તો
ઢુંકડું=પાસે; નજીક
છેક નજીક=ઘણુંજ પાસે
ખંતીલા=કાળજીવાળા
મેળવ્યા=પેદા કીધા

સાર–ધ્યાન રાખી જોવાની અને તે ઉપર વિચાર કરવાની ટેવ રાખવી.

પાઠ ૩૪.

મહિમા=મોટાઇ
જગપતિ=જગતનો ધણી; પરમેશ્વર
જગ=દુનિયા
રચી=બનાવી
રચના=બનાવટ; ગોઠવણ
નવરંગી=તરેહ તરેહના રંગના
તરૂપાન=ઝાડનાં પાંદડાં
પા'ડ=પહાડ
કરાડ=કરાડા; ગુફા
સિંધુ=દરીઓ; સમુદ્ર
સરિતા=નદી
ઘાટ=પહાડ ઉપર ચઢવા ઉતરવાનો રસ્તો; ઓવારા
રળિઆમણી=શોભિતી
વાટ=રસ્તો
શીતળ=ઠંડો
સાર=સારી
સૂર્ય=સુરજ
વરસાદ=મેહ
ઝૂલતાં=લટકતાં
મધુર=કાનને સારૂં લાગે એવું; મીઠું
નાદ=અવાજ; સાદ
કળા=તેજ; અજવાળું
રંગ=શોભા
મેદાન=ખુલ્લી લાંબી પહોળી જગા; ચોગાન
તરતાં=પાણી ઉપર રહેતાં
મહીં=માં
આંખડી=આંખ
ચાવણું=ખાવાનું; ખોરાક
સાથ=સાથે
કળા=હીકમત; યુક્તિ
કળી શકાય નહિ=સમજી શકાય નહિ
સરજી=પેદા કરી
સરજનહાર=પેદાકરનાર; પરમેશ્વર

પાઠ ૩૪ પરમેશ્વરની મોટાઇ.

સમજુતી—જગતના બનાવનાર પરમેશ્વરે આ દુનિયામાં ઘણીજ સારી બનાવટ કરી છે, તેણે આ દુનિયામાં નાના મોટા એમ ઘણી જાતના જીવો બનાવ્યા છે. (૧) તરેહવાર રંગના ખીલતા ફૂલો, ગાયન ગાતાં પક્ષીઓ, અને સારા રંગવડે શોભતાં ઝાડનાં પાંદડાં, તથા પક્ષીની પાંખો તેણે બનાવ્યાં છે. (૨) પરમેશ્વરે મોટા પહાડો, કરાડાં, દરીઆ, નદી, પહાડમાંથી જવા આવવાના રસ્તા, શહેર અને જંગલના રસ્તાની આ શોભિતી બનાવટ બનાવી છે. (૩) શિઆળામાં ઠંડો પવન સારી ઠંડક આપે છે, અને ઉનાળામાં સુરજનો તાપ નકી ઘણો

પડે છે. (૪) ચોમાસાની ઋતુમાં વરસાદ વરસે છે, ઝાડો પર ફળો લટકતા દેખાય છે, અને મોરનો મીઠો અવાજ સંભળાય છે. (૫) અજવાળીઆમાં ચંદ્રનું અજવાળું આનંદ આપે છે, અને અંધારીઆમાં તારાના પ્રકાશનો રંગ શોભિતો દેખાય છે. (૬) રમવાને અને મોજ ભોગવવાને માટે મોટાં મેદાનો બનાવ્યાં છે. વળી પાણીમાંના વેલા અને તેનાં પાંદડાં કેવાં તરે છે ! (૭) હે પરમેશ્વર ! તેં જોવાને માટે આંખ આપી છે, સાંભળવાને માટે કાન આપ્યા છે, અને બોલવાને માટે જીભ આપી એ સારૂં કર્યું છે. (૮) વળી દાંત આપ્યા તેની સાથે ખોરાક આપીને બહુ ઉપકાર કર્યો છે, હે ! પેદા કરનાર પરમેશ્વર તેં જુક્તિ કરી છે તે સમજી શકાય તેમ નથી. (૯) સાર–પરમેશ્વરે માણસ જાતના સુખને માટે દુનિયામાં બધી વસ્તુઓ બનાવી છે, માટે તેનો પાડ વાળવા દરરોજ તેની ભક્તિ કરવી.

પાઠ ૩૫.	સ્હોય=શોભે	ફુવારા=પાણી ઉંચું ઉરાડવા માટે બનાવેલો ઘાટ
વિશાળ=લાંબા પહોળા	કોયલ=કાળા રંગનું મધુર રાગનું પક્ષી	નવરંગ=તરેહ તરેહના રંગ
[illegible]જેશ=છવાઇ રહેશી	કલ્લોલ=મજા; ખુશી	અપાર=ઘણુંજ
તંબુ=કપડાનું ઘર	તીતર=તીણા રાગનું પક્ષી	મોર=આંબાનાં ફૂલ
તાડ=સૌથી ઉંચું ઝાડ	વિશેષ=વધારે	કોર=બાજુ
કેળ=કેળાંનું ઝાડ	બેશ=સરસ; સારી રીતે	ચાંદની=ચંદ્રમાનું અજવાળું
પલ્લવ=પાંદડાં	કેસુડો=ખાખરના ફૂલનો;	
વનસ્પતિ=ઝાડ, છોડ, વેલા વગેરે	ઘોળીને=હલાવીને; મેળવીને	
ધરી=પહેરી		

પાઠ ૩૫. પાનખર ઋતુ (વસંત ઋતુ)

સમજુતી—મોટા વડના ઝાડ પર પથરાએલા વેલા તે જાણે

તંબુ ઉભો કર્યો હોયની ! એવું દેખાય છે. તંબુપર જેમ ધજા, વાવટા ફરકતા હોય તેમ, કેળ, નાળિએરી અને તાડનાં ઝાડ ધજા ને વાવટા જેવા જણાય છે. (૧) ઝાડનાં પીળાં અને પાકાં પાંદડાં હોય તે ખરીને જમીનપર પડે છે, પછી ઝાડને નવાં પાંદડાં આવે છે તેથી ઝાડ શોભિતાં દેખાય છે. (૨) વસંત ઋતુમાં જુનાં પાંદડાં પાકાં થવાથી ખરી પડે છે અને તેને બદલે નવાં પાંદડાં ફુટીને નીકળે છે. કોયલ મધુર શબ્દ બોલે છે; તીતર, કબુતર અને બીજાં ઘણાં પક્ષીઓ સારા રાગથી ગાય છે, અને સારી રીતે નાચે છે. (૩) લોકો કેસુડાનાં ફૂલનો કેસુડો રંગ ઘોળીને હોળી રમે છે, એટલે રંગની એક બીજા પર પીચકારી મારે છે, બાગમાં ફુવારા ઉરાડે છે, અને બજારો તથા ચોકમાં પાણી છાંટે છે. મતલબ કે પાણીનો છંટકાવ કરે છે. (૪) ભમરાઓ ગું ગું અવાજ કરે છે, અને ઝાડો પર ઘણા તરેહવાર રંગો દેખાય છે; આંબા ઉપર મોર આવવાથી તે શોભે છે, અને ચોતરફ ચાંદની શોભી રહી છે. (૫) માણસો લહેજતથી ખુશીથી શીખંડ ખાય છે અને ઠંડું પાણી પીએ છે. પશ્ચિમ અને દક્ષિણ તરફના પવનથી શરીર સુખી થાય છે. (કારણ પશ્ચિમ અને દક્ષિણમાં દરીઓ હોવાથી પવન ઠંડો આવે છે.)

પાઠ ૩૬.

ટેકરો=જમીન વધીને ઉંચી થઇ હોય તે

પડછાયો=ઓળો

ઓળો=પડછાયો

પીડ=વાંસો

ઉગમણી=પૂર્વ; સુરજ જે દિશામાં ઊગે છે તે

આથમણી=પશ્ચિમ; સુરજ જે દિશામાં આથમે છે તે

ઉત્તર દિશા=પૂર્વ દિશા તરફ મોં કરી ઉભા રહેતાં જેણી ગમ ડાબો હાથ આવે તે

દક્ષિણ દિશા=પૂર્વ દિશા તરફ મોં કરી ઉભા રહેતા જેણી તરફ જમણો હાથ આવે તે

ઉત્તર દિશામાં આકાશમાં જે તારો એકની એકજ જગાએ ઝીણો ઊગતો દેખાય છે તેને ધ્રુવનો તારો કહે છે.

સવાલ—પૂર્વ અને પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી? પડછાયો સુરજથી કઇ દિશામાં હોય? લાંબામાં લાંબો અને ટુંકામાં ટુંકો પડછાયો કયારે હોય? ઉત્તર દિશા શી રીતે જાણવી? દહાડે દિશાઓ શા ઉપરથી જાણી શકાય? રાત્રે દિશા શા ઉપરથી જાણી શકાય? સામસામી દિશાઓ ગણાવો.

પાઠ ૩૭.	મથાળે=ટોચે	જેટલી જગા
બેસતું વર્ષ=કારતક સુદ ૧	ફુટ=બાર ઇંચ; અડધો ગજ	મધ્યમાં=વચમાં
દાંડી=પંખાની હાથમાં પકડવાની લાકડી	લંબાઇ=લાંબાપણું	પગથીઉં=નાની ઓસરી
	પહોળાઇ=પહોળાપણું	થોર=થુવેરીઆ
માપ=મરતર	ઇંચ=તસુ; સવાકા	ભીંત=ભીંત; દિવાલ

સવાલ—નકશામાં ઉત્તર દિશા કયાં હોય છે? ઉત્તરની સામે કઇ દિશા? પૂર્વ ને પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી? નિશાળનો નકશો શી રીતે કાઢશો?

પાઠ ૩૮.	નિશાન=એંધાણ	તે જગા
ધોરી=સરિયામ	સમજ=સમજણ; ભાન	ગોચર=ગાયોને ચરવાની જગા
આગગાડી=વરાળથી ચાલતી ગાડી	ખેતર=અનાજ પાકે છે	

સવાલ—રસ્તો બતાવવાને બેવડી લીટી શા માટે દોરવી? નદી કેણી તરફ વહે?

પાઠ ૩૯.	પોપડો=ઢોરને ચરવાની જગા; ચરો; બીડ	ઝાડઘણાંહોય એવીવાડી
વગડામાં=ઉજાજડ જગામાં	આંબાવાડી=આંબાના	નિચાણમાં=ઢળતી જગામાં

ઢાળ=ઢોળાવ
દહેરૂં=દેવળ
કાંઠે=કિનારે
ભાઠું=કાંઠાપરની ખેડવા લાયક જમી

વહેણ=રેલો પ્રવાહ
ચાલાક=ચંચળ
પાર=કાંઠો; કિનારો
પાળ=કારણ
ડાંગર=ભાત

મસ=ઘણું
ઈશાન=ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખુણો
નજરે પડયા=દેખાયા
સુગમ=સહેલું

સવાલ-પવન કઇ દિશા તરફ વાતો હતો તે શા ઉપરથી કહ્યું? ટાઢો પવન લાગવાનું કારણ શું? તળાવ કોને કહેવું? નદીને કેટલા કાંઠા હોય અને તે કયા કયા? જમણો અને ડાબો કાંઠો શી રીતે જાણી શકાય? નદી શા કામમાં આવે? જ.-ત્રીજી ચોપડીના ૪૦ મા પાઠની કવિતા વાંચો. ખુણા કેટલા છે અને તે કયા કયા? કઇ કઇ દિશાઓની વચ્ચે ખુણા હોય નહિ?

પાઠ ૪૦.

વાળુ=રાતનું જમવાનું
ગમ્યું=ગોઠયું
ચોરો=સરકારી ઉતારાનું મકાન
મુખી=પટેલ; ગામનો ઉપરી
ગંધ=ખરાબ વાસ
બંદોબસ્ત=ગોઠવણ
હવાલદાર=પટેલના તાબાનો સિપાઇ

મામલતદાર=તાલુકાનો ઉપરી અમલદાર; પટેલ તલાટીનો ઉપરી
ભરણું=પટેલ તલાટીએ ખેડુત પાસેથી મહેસુલના રૂપીઆ લઇ એકઠા કર્યા હોય તે
તલાટી=ગામની વસુલાત ઉઘરાવનાર
રાવણીઓ=વરતણીઓ
તાલુકો=ઘણાં ગામ મળીને થયેલો તે

તાલુકે=મુખ્ય કચેરીએ
હુંડી=રૂપીઆ મળવાનો કાગળ; મનીઓર્ડર
માસ્તર સાહેબ=પોસ્ટ માસ્તર
ટપાલી=કાગળ વહેંચનાર
ગેરહાજર=હાજર નહિતે
માંદો=બિમાર રોગી
ડાક્તર=અંગ્રેજી દવા જાણનાર

સવાલ-ચોરો એટલે શું? મુખી, તલાટી, પોસ્ટ માસ્તર, ડાક્તર એ દરેકનાં કામ સમજાવો.

પાઠ ૪૧.

સોનેરી=સોનાનો રંગ જેવો; પીળો
ખેડુત=ખેતીનું કામ કરનાર
હળ=જમીન ખેડવાનું ઓજાર
અંગારા=સળગતા કોયલા
ચળકતો=ઝળકતો
દાતણપાણી=દાંત સાફ કરવા તથા મોઢું ધોવું તે
ઝાડીને=ઝપટીને
ખોરાક=ખાવાની ચીજો
તાજી=તરતની
લહેર=સપાટો
ધંધો=રોજગાર; વેપાર
જન=માણસ
નમતો=આથમતો
ઘોંઘાટ=અવાજ

સવાલ–સુરજ ઊગતા પહેલાં પૂર્વ દિશામાં વાદળ અને વાદળાંની કોરો કેવી જણાય છે? અજવાળું શેમાંથી આવે છે? સવાર થઇ શાથી જણાઇ છે? સવારમાં માણસ પશુ, પક્ષી શું કરે છે? છોકરાઓએ પાઠ ક્યારે કરવો જોઇએ? સાંજ પડી ક્યારે કહેવાય? સુરજ ઊગતાં પહેલાં અને આથમ્યા પછી થોડું અજવાળું રહે છે તેને શું કહે છે? (જ. ઝળઝળીઉં) સાંજના દેખાવની વાત કહો.

પાઠ ૪૨.

વાતો=ફુંકાતો
જોરથી=ઝડપથી
ઠરી જાય છે=ઠંડા પડી જાય છે
ટિકિટ=દાખલ થવાની ચિઠ્ઠી
ગુંગળાઇ=ગભરાઇ
ઝપાટો=સપાટો
તોફાન=પવનનું બહુ જોરથી વાવું તે
ઉથલી=ગબડી; ફેરવાઇ
મૂળમાંથી=જડમાંથી
ભરવાડ=ઘેટાં, બકરાં ચરાવનાર
ઘસડી=ખેંચી
ધાન્ય=અનાજ
વહાણો=મોટી હોડીઓ
અકળામણ=ગભરામણ
વાદળાં=વરાળનો જથો

સવાલ–હવા ક્યાં ક્યાં હોય છે? બધેજ હવા છે એ સાબીત કરી બતાવો. હવાની જરૂર કોને કોને છે? હવા ન હોય તો શું થાય? પવન એટલે શું? હવા ને પવનમાં શો ફેર છે? પવનનું તોફાન ક્યારે થાય? પવનથી થતા ફાયદા ગેરફાયદા ગણાવો.

સાર—હવા વગર પ્રાણી જીવી શકે નહિ, માટે દયાળુ પરમેશ્વરે તે બધે ઠેકાણે ભરી રાખી છે.

પાઠ ૪૩.	નિર્દય=દયા વગરનો	તળીઉં=નીચેનો ભાગ
દુઃખ=વીટંબણા	કઠણ=સખત	જંતુ=ઝીણાં જીવડાં
ચુરો=ભુકો	ગાંગડો=ગટ્ટો	વેહ=છિદ્ર; કાણું
કણ=રજકણ	ઝાંખો=તેજ વગરનો	થર=પડ
જુદાં=જુદાં	કહેણી=કહેતી; કહેવત	ચાંચવો=જમીન ખોદવાનું ઓજાર; તીકમ
અક્ષરો=હરફો; દસ્તો	જન્મ=પેદાસ	
પીગળતો=રસ થતો	દરીઓ=સાગર; સમુદ્ર	હકીકત=વાત

સવાલ—ચાકનો કેમ સહેલાઇથી ભુકો થઇ શકે છે? ચાક પોચો છે તેથી શા ઉપયોગમાં આવે છે? ચાકને ભઠ્ઠીમાં નાખે તો શું બને છે? ચુનો શું કામમાં આવે? ચાક પાણીમાં ઓગળે કે નહિ? પાણીમાં ઓગળે એવા પદાર્થનાં નામ દો. જે પદાર્થ પાણીમાં ઓગળી જાય તે પદાર્થ કેવા કહેવાય? જ. દ્રાવ્ય. ન ઓગળે તે કેવા કહેવાય? જ. અદ્રાવ્ય. ચાકમાં કેવો ગુણ છે કે જેથી તે પાણી ચૂસે છે? જ. છિદ્રાળુ. બીજા કયા કયા પદાર્થો પાણી ચૂસે છે? છિદ્રાળુ પદાર્થનાં નામ દો. ચાક દેવતામાં પીગળી જાય કે નહિ? દેવતામાં ન પીગળે એવા પદાર્થનાં નામ દો. ઓગળવું અને પીગળવું એમાં ફેર શું? ચાકને ભોંય પર પછાડીએ તો શું થાય? ચાકમાં કેવો ગુણ છે કે જેથી તેને પછાડવાથી ભાંગી જાય છે? જ. બરડ. બરડ ગુણવાળી ચીજોનાં નામ દો. ચાક શી રીતે બને છે? જે પદાર્થ જમીનમાંથી નીકળે તે કેવા પદાર્થ કહેવાય? જ. ખનીજ. ખનીજ પદાર્થનાં નામ દો. ચાકનો ઉપયોગ કહો.

પાઠ ૪૪.	ગાળીને=રસ કરીને	ખાટી=ખટાશવાળી
ટીપે=ઘડે	કાતર=કાપવાનું ઓજાર	ઝેરી=ઝેરવાળો
પતરાં=ધાતુને ટીપીને અથવા રસ કરી લાંબા ચોડા બનાવે છે તે	ચંબુ=શિરોઈ	સિક્કા=ચલણી નાણું
	નાળચાં=નળી	ટંકશાળ=સિક્કા પાડવાની જગા
	કથરોટ=મોટી થાળી	

સવાલ—તાંબા પિત્તળનાં વાસણ બનાવનાર તથા વેચનારને શું કહે છે? સુથાર, લુહાર, કુંભાર, સોની શેના ઘાટ બનાવેછે? તાંબું ક્યાંથી નીકળે? એ કેવો પદાર્થ કહેવાય? તાંબાના ગુણ કહો. તાંબાનાં ક્યાં ક્યાં વાસણો બને છે? તમારા ઘરમાં તાંબાના જે જે વાસણો હોય તે ગણાવો. તાંબાના કાટને શું કહે છે? તેનો રંગ કેવો હોય છે? તે ખાધામાં આવે તો શું થાય? તાંબા પર કાટ શી શી રીતે ચઢે છે? તાંબાના વાસણ પર કાટ ન ચઢે માટે શું કરે છે? કલાઇનો રંગ કેવો હોય છે? તાંબાના ક્યા સિક્કા બને છે? ટંકશાળ એટલે શું? તાંબાનો ઉપયોગ કઇ કઇ ધાતુ બનાવવામાં થાય છે?

પાઠ ૪૫.	ઓગળીને=રસ થઇને.	વાસણ; ચંબુ
ખાણ=જમીનમાંથી ધાતુ વગેરે કાઢવા માટે ખોદેલો ખાડો	મજાગરાં=મડવાં; જેના વડે બારણું ઉઘડે દેવાય તે	કાટ=કીટ
		કલાઇ=ઝાંખા સફેદ રંગની ધાતુ
ઇનામ=ખુશ થઇ આપવું તે; ભેટ	તાસકો=ઢાંકણાં	માંજેલાં=ઘસીને સાફ કરેલાં
	પવાલી=લાંબું પીપ	
મેળવણી=ભેગ	શિરોઇ=સાંકડા મોઢાનું	સસ્તું=સોંઘું

સવાલ—ધાતુમાં ક્યા ક્યા ગુણ હોય છે? ધાતુઓ ક્યાંથી નીકળે છે! ધાતુ એ કેવો પદાર્થ કહેવાય? પિત્તળ શી રીતે બનાવે? પિત્તળનો રંગ કેવો હોય છે? જસતનો રંગ કેવો હોય છે? તાંબું ને

પિત્તળ એમાં કઠણુ કોણુ ? શા માટે પિત્તળ વધારે કઠણુ ? પિત્તળનું શું શું બને છે ? તમારા ઘરમાં પિત્તળનાં વાસણુ હોય તેનાં નામ દો. પિત્તળ ઉપર કાટ ચઢે છે કે નહિ ? પિત્તળના વાસણુને કલાઇ કરાવવાનું કારણુ શું ? તાંબું અને પિત્તળ એમાં જલદી કોણુ કટાય ? ઝાંખું કયું વહેલું પડે ? તાંબા અને પિત્તળનો શેરનો ભાવ કહો.

પાઠ ૪૬.

ઘાસનું બજાર=ઘાસની પીઠ
ચરો=પોપડા; ઘાસ ઊગવાની જગા; બીડ
કુમળું=નરમ
છાવામાં=ઢાંકવામાં
વણીને=વળ દઇને
મુળીઆં=મૂળ
ધાર=અણી
ડાભ=દરભ
ઝીંઝવો=એકજાતનુંઘાસ
ચરાઉ=ચરનારા
ગંજી=ઘાસના ઢગલા
ગડી=ગાંઠ
સુગંધ=સારી વાસ
મોથ=સુગંધીદાર ઘાસ
ખુજલી=ખસ
ફુલેલ=માથામાં ઘાલવાનું સુગંધીદાર તેલ
અત્તર=સુગંધીદાર વસ્તુનો કસ
દરો=એક જાતનું ઘાસ; ધરો
જડ=મૂળ
ફરી ફરીને=વારે વારે
ઉપલાભે=ઉપરના ભાગમાં
વાટ=રસ્તો
ચમરી=છોડ ઉપરની પાંખડી
સુંવાળી=લીસી
વાસ=સોડમ
સુપડા=ઝાડકવાને વાંસની ચીપ કે ઘાસનું બનાવે છે તે.
સાદડી=ચટાઇ
પડા=ઝુડી
કુટીને=છુંદીને
મૂંજ=સરકટની પાંદડીને પલાળી કુટેલી તે
ખાટલા=ઢોળીઆ

સવાલ-જે ખેતરમાં દાભ ઊગે તે ખેતર શા કારણુથી નકામું થઇ જાય છે ? દાભના મુળીઆં કેવાં હોય ? પાંદડીની કોર કેવી હોય છે ? કુમળું દાભ શું કામમાં આવે છે ? પાકટ થયા પછી શું કામમાં આવે છે ? દાભ શું કામમાં આવે ? ઝીંઝવો શું કામમાં આવે છે ને ક્યાં ઊગે છે ? એના મુળીઆ પર શું થાય છે એ ગડીને શું કહે છે ?

મોથ શા શા કામમાં આવે છે? દરો કાઢી નાખવા છતાં ફરીથી કેમ ઊગી નીકળે છે? સરકટ કયાં થાય? સરકટ જનાવરના ખાધામાં આવે છે કે નહિ? નહિ આપવાનું કારણ શું? સરકટની સળીઓ સુકાયા પછી શા શા કામમાં આવે? એની પાંદડીને કૂટીને પલાળે છે તેને શું કહે છે? મૂંજ શા કામમાં આવે છે? કયા કયા ઘાસ ખાટલા ભરવાના કામમાં આવે છે?

પાઠ ૪૭.

વાપરવા=રોપવા
સાંઠા=જુવાર વગેરેનો લાંબો દાંડો
પરાળ=જાતનું ઘાસ
ગાંઠ=ગડી
સળંગ=આખી
પેર=પેરીઉં
ગુચ્છો=ગુચ્છું; જથ્થો
નજર કરો=ધ્યાન આપો
બી=બીઆં
ખાતર=ઘાસ, છાણ વગેરે કોહી ગએલો કચરો
પૂરીને=નાખીને
ભીલ=જંગલમાં રહેનાર જાત
નાગલી=બાવટો
સામો=એક જાતના ઘાસનું બી
થેક=ચીઢા કે ડુંગળાનાં મૂળની ગાંઠો
ઢેબરાં=મીઠું મરચું નાખી જુવાર બાજરીના કરેલા રોટલા
ખસલી=એક જાતનું ઘાસ
કડબ=જુવારનો સુકો સાંઠો
રાનડીઓ=રાતી જુવાર
બીડ=ઘાસ ઊગવાની જમીન; ચરો

સવાલ—બાજરી, જુવાર અને ડાંગરના છોડનો ઘાસની સાથે મુકાબલો કરો. આપણે અનાજ ખાઈએ છીએ તે શું છે? ઘાસનું બી નાનું અને અનાજનું મોટું હોવાનું કારણ શું? મહીકાંઠો કયાં આવ્યો? મહીકાંઠાના ભીલ લોક કયું કયું અનાજ ખાય છે?

પાઠ ૪૮.

સખત=બહુ
એક સામટું=સાથે લાગ
ભાણ=સુરજ
દાણો=જુવાર, અડદ વગેરે
કોઢ=ઢોર બાંધવાની જગા

નીરું છું=નાખું છું

છાશ=દહીંમાંપાણીનાખી વલોવી બનાવે છે તે

કૌવત=જોર

ચવડું=હળના નીચેના ભાગમાંનું કોશનીસાથેનું અણીવાળું લાકડું

આળસુ=સુસ્ત

સાડ=હળમાંની વચમાંનો લાંબો સોટો; અહાલ

ચાસ=ખેતરમાં હળે કરી પાડેલા આડા ઉભા લિસોટા

હળપુણી=હળમાં લોઢાની કોશ હોય તે લાકડું

ધુસરી=બળદની ખાંધે રહે છે તે લાકડું

છેડો=હળને છેડે પકડવાને ખીલી જેવું હોય છે તે; હલેડી

તાત=બાપ

નીપજાવે=પકવે

અન્ન=અનાજ

ધરે=પહેરે

સહે=ખમે; વેઠે

લહુ=જબરો

ઉત્તમ=સૌથી સારી

પર=પારકા

ઉપકારી=આભારી

દીએ=આપે

શીખ=શિખામણ

ખંત=કાળજી

જગતનો તાત ગણાય એટલે જેની રીતે બાપ છોકરાનું પોષણ કરે છે તેવીજ રીતે ખેડુત ધાન્ય ઉપજાવી આખા જગતનું પોષણ કરે છે. ખેતીને ઉત્તમ કહેવાનું કારણ કે એ ધંધો સ્વતંત્ર છે ને અનાજ જેવી જીવવાને ઘણી કામની વસ્તુને નીપજે છે.

હળની હકીકત—હળના મુખ્ય બે ભાગ છે. હળના પાછલા ભાગને તુંગું અને આગલા ભાગને સેડ કહે છે. સેડની લંબાઇ ૧૦ ફુટ અને તુંગાની લંબાઈ ૪ ફુટ હોય છે. તુંગું વચમાંથી જાડું, નીચેથી અણીદાર, અને ઉપરથી પાતળું હોય છે, જાડા ભાગમાં સેડનો છેડો ઘાલે છે. તુંગામાં હળપુણી, ચવડું અને કસવાળો હોય છે. હળપુણી લોઢાની હોય છે, ને તે નીચેને છેડે ચવડાની ઉપર રહે છે. ચવડું પણ અણીદાર ને ત્રણ પાસાવાળું હોય છે. સેડને બીજે છેડે ખીલો હોય છે, તેને સગન (સંબંધીઓ) કહે છે, તેને ધુસરું બાંધે છે. ધુસરું બળદની ખાંધ પર મુકે છે, ધુસરું બળદની ખાંધેથી ખસી ન જાય

માટે ધુસરાને બંને છેડે લાકડાની સમોલ હોય છે તે બળદની ડોક જોતરથી બાંધે છે. હળપુણી જલદી ઘસાઇ કે ભાંગી ન જાય માટે લોઢાની કરે છે. ડુંગાના ઉપરના ભાગમાં મુઠીમાં આવે એવો લાકડાનો ગોળ કકડો બેસાડેલો હોય તેને છડો કહે છે. હળ હાંકતી વખત ખેડુત છડાપર ભાર દે છે તેથી હળપુણી ભોંયમાં ઉતરે છે, તેથી જમીન ખોદાઇને પોચી થાય છે ને ચાસ પડે છે.

સવાલ–હળનું ડ્રોઇંગ પાડી તેના દરેક ભાગપર નામ લખો. હળના દરેક ભાગનો ઉપયોગ સમજાવો.

ખેડુત વિષે.

સમજુતી–અરે ! ખેતી કરનાર, તું ખરેખર જગતનો બાપ ગણાયો છે કારણ કે તું ખેતી કરે છે, તેથી બધા પ્રાણીને ખોરાક મળે છે. આ આખી દુનિયાનું પોષણ કરનાર પણ તુંજ જણાય છે (૧) તું કપાસ, ફળ, ફૂલ, ઘાસ અને અનાજ પકવે છે, તોજ બધા પ્રાણીઓ અનાજ ખાય છે અને માણસો ખુશીથી કપડાં પહેરે છે. (૨) તું વરસાદ ને તડકો વેઠે છે અને વળી ઘણી મહેનત કરે છે. તેથી તું શરીરે જબરો બને છે, અને હંમેશાં સંતોષથી ફરે છે, એટલે સંતોષી રહે છે. (૩) ખેતી નક્કી સૌથી સારી છે, વળી તે પારકાના પર ઉપકાર કરનારી છે; તું કાળજીથી ખેતી કરે છે અને જગતને સારી શિખામણ આપે છે, કે તમે સારી પેઠે મહેનત કરશો તો જબરા, સંતોષી અને પારકાનું ભલું કરનારા થશો.

સાર–કહેવત છે કે "ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર, નકૃષ્ટ નોકરી; નિદાન ભીખ એટલું ન આવડે તો દલાલી શીખ."

પાઠ ૪૯.	કયારડા=ક્યારા	ઝીલવો=ખમવો
પાળ=કોરણ		ભરડીને=ચાવડીને
લીલાંછમ=ઘણાંજ લીલાં	ધરૂ=કુમળા છોડ; તરુ	છોડાં=ફોતરાં

સવાલ—ડાંગર શી રીતે વાવે ? ધરૂ એટલે શું ? ડાંગર ક્યારામાં શા માટે રોપે છે ? ડાંગરના છોડ પાકે ત્યારે કેવા રંગના થાય છે ? ડાંગર પાક્યા પછી શું શું કરે ત્યારે ચોખા થાય છે ?

પાઠ ૫૦.	વેંત=બિલસ્ત	કુક્કર=ભુંડ
કાલુ=શેરડીનો રસ કાઢવાનો સંચો; કોલ	આંખ=કળી	શિઆળવાં=શિઆળ-
પડછા=પાંતરાં	પીત=પાણીથી થતું કરસણ શાક વગેરે	સંભાળ=તપાસ
રસ=કસ	તરકારી=શાક	પાકટ=પાકી
સંબંધી=વિષે; બાબત	માસ=મહીના	તાવડો=મોટો પેણો
પેર=ગંડેરી		છારી=પડ

સવાલ—શેરડી શી રીતે રોપે છે ? શેરડીની આંખ બતાવો. કોલ એટલે શું ? કાલું શેનું બનાવે છે ? શેરડીમાંથી રસ શી રીતે કાઢે છે ? રસનો ગોળ શી રીતે બનાવે છે ?

પાઠ ૫૧.	ભાવ=હોંસ	જોર=શક્તિ
તકરાર=વઢવાડ; રકઝક	સારાં=સાજાં	નકામો=ફોકટ
ચઢવા=લઢવા	લોટ=આટો	હિસાબ=ગણતરી
ધીમા=શાંત	કણક=રોટલી કરવા માટે બાંધેલો લોટ	ઉપયોગના=જરૂરના
ઉજળાં=સફેદ		પૈસાદાર=પૈસાવાળા

સવાલ—માંદા અને દાંત વગરના માણસને કયો ખોરાક વધારે ઉપયોગી છે તેનું કારણ શું ? ભાત શી રીતે બનાવે છે ? રોટલી શેની બનાવે છે ? ઘઉંની રોટલી શી રીતે બનાવે છે ? ગરીબ માણસો ઘઉં કેમ ખાતાં નથી ?

પાઠ ૫૨.	બનાવેલો પુડો	વાઘરી=શિકારી
મધપુડો=મધમાખીએ	લટકતો=ટિંગાતો	કામળો=ઊનનું લુગડું

ધુણી=ધુમાતો દેવતા; સળગતાં છાણાં વગેરે	જન્મ=જિંદગાની	રચે=બનાવે
	રક્ષણ=બચાવ	તત્કાળ=તરત
ધરબાર વગરનાં=રખડતાં	ડંખ=ચટકો	ચૂસી=શોષી
પારકો=પરાયો; બીજાનો	પેસવા=દાખલ થવા	સરે=થાય
ચીજ=વસ્તુ	દયા=રહેમ	ગુણ=ફાયદો; લાભ
ઈચ્છા=મરજી	**કવિતાના અર્થ.**	તમામ=બધું
નર=પુરુષ	હુન્નર=કસબ; કારીગરી	તજે=છોડી દે
છખુણાવાળાં=છખુણાના આકારના	નિશાળ=ઠેકાણું	ઉદ્યોગી=મહેનતુ
	મનોહર=મોહ પમાડનાર	પંકાય=વખણાય

મધમાખી.

સમજુતી–હે ! મધમાખી તુ મહેનતું છે, અને વળી કારીગરીની નિશાળ છે, (કારીગરીની નિશાળ કહેવાનું કારણ એ કે મધપુડાના ખાનાં જેવી કારીગરી માણસથી પણ બરાબર થઈ શકે નહિ) મનને મોહ પમાડે એવો મધપુડો બનાવે છે, અને તરતજ તેમાં રસ મૂકે છે. (૧) મીઠું મધ ચૂસી લઈને તું મીણ બનાવે છે, તેથી એટલે મધ અને મીણથી ઘણાં કામ થાય છે અને તે ઘણોજ ફાયદો કરે છે. (૨) તું નાનું સરખું જીવડું છે, પણ મોટું ઉપયોગી કામ કરતું જણાય છે. વળી તું ડાહી ને ચોકખી દેખાય છે, તેથી તારૂં જોઈને બધા ડાહ્યા માણસો આળસ છોડી દે છે. (૩) કીડી, કરોળીઆ, અને મંકોડા, વગેરે જે મહેનતુ જીવડાં કહેવાય છે, તેમાં પણ તુંજ વખણાય છે. મતલબ કે એ બધાં જીવડાં કરતાં તું વધારે મહેનત કરે છે.

સાર–માણસે ઉદ્યોગી અને હુન્નરી થવું.

સવાલ–મધપુડો કોણ બનાવે છે અને તે ક્યાં ક્યાં બાંધે છે? મધ ક્યાંથી લાવે છે? મીણ શેમાંથી બનાવે છે? મધપુડામાં કેટલી

જાતની માખીઓ હોય છે અને તે કઇ કઇ? રાણીનું કામ શું છે? મધપુડાનાં ખાનાં કેટલાં ખુણાવાળાં હોય છે? ખાના કેટલી જાતના હોય છે? ઈંડાં કયા ખાનામાં મૂકે છે અને તે કોણ મૂકે છે? મોટા ખાનામાં કયાં ઈંડાં મૂકવામાં આવે છે? રાણી અને કામ કરનારી માખીમાં શો ફેર હોય છે? કામ કરનારી માખીઓ શું શું કામ કરે છે? નર અને માખીમાં શો ફેર હોય છે? નરને મારી નાખવાનું કારણ શું? મધ અને મીણનો ઉપયોગ કહો. મધમાખી પરથી આપણે શું શિખામણ લેવી?

પાઠ ૫૩.

શેખ=મુસલમાનની એક જાત

બતક=પાણીવાળી જગામાં રહેનારૂં પક્ષી

પીછ=પીછાં

ચીકટ=ચિકાશ

ભિંજાતું=પલળતું

નબળું=કમજોર

જોડાએલાં=સંધાએલાં

દાઢ=બેવડા દાંત

અણીદાર=તીણા

ગળી જાય છે=આખું ઉતારી દે છે

જાળવે=સાચવે; સંભાળે

ઢાંકી=છુપાવી

બીકણ=બીએ એવો

ધસીને દોડે છે=હુમલો કરે છે

માંજર=કલગી

દીપે છે=શોભે છે

ખોતરવાની=ખોદવાની

વહાણું વાય=સવાર થાય

સવાલ—બતક કેવી જગામાં રહે છે? બતકનું શરીર કેમ ભિંજાતું નથી? બતક શું ખાય છે? બતકની ચાંચ કેવી હોય છે? બતકને પાંખ છે ત્યારે કેમ ઊડી શકતી નથી? બતકને કેટલા પગ હોય છે? દરેક પગે કેટલાં આંગળાં હોય છે અને કયાં હોય છે? આપણે પાણીપર ચાલી શકતા નથી અને બતક શા માટે ચાલી શકે છે? બતક ખોરાકના કકડા કેમ કરી શકતી નથી? મરઘા અને બતકની ચાંચમાં ફેર શું? મરઘા પાણીપર કેમ ચાલી શકતા નથી? મરઘી છે કે મરઘો તે શી રીતે ઓળખી શકાય? મરઘા શા માટે પાળેલા

હશે ? મરઘાં કોણ પાળે છે? મરઘો ક્યારે ક્યારે બોલે છે ને શું બોલે છે ?

સાર—મરઘો બોલે છે તે પરથી સવાર ને બપોર સમજાય છે.

પાઠ ૫૪.	માળો=પક્ષીનું ઘર	રઝળાને=રખડીને
કાબરી=કાબર ચીતરી	ખુણેખોચરે=ખુણામાં	ફાયદો=ગુણ
રૂ=કપાસમાંથી કપાસીઆ	દરેક ફેરે=દરેક વખતે	વીણીવીણીને=શોધી
કાઢી લીધા પછી જે	ભુરા=આસમાની	
રહે છે તે	ટપકાં=છાંટ	શોધીને
તણખલાં=તરણાં	લગી=સુધી	ભો=બીક; ડર

સવાલ—ચકલીના શરીરના ભાગ ગણાવો. ચકલીની ચાંચ કેવી હોય છે? ચકલી કેવા રંગની હોય છે? ચકલીને એક એક પગે કેટલાં આંગળાં હોય છે અને કેવી રીતે હોય છે? ચકલી ક્યાં રહે છે? માળા શેના બનાવે છે? ચકલી વરસમાં કેટલીવાર ઇંડાં મૂકે છે? બચ્ચાંને ક્યાં સુધી ખવડાવે છે? ચકલી શું શું ખાય છે? ચકલી દરેક ફેરે કેટકેટલાં ઇંડાં મૂકે છે? ઇંડાનો રંગ કેવો હોય છે? ચકલી ખેડુતને શો ફાયદો કરે છે અને તે કેવી રીતે? ચકલીને કોની કોની બીક હોય છે? ચકલી ને ચકલો ઓળખવાની નિશાની શું?

પાઠ ૫૫.	ચપટા=બેઠેલા	ભલું ચાહનાર
દેખાવ=શોભા	ભુસું=થુલું	ધણી=માલીક
ગરદન=બોચી	દાણા=અનાજ	પ્રીતિ=હેત; પ્યાર
કેશવાળી=ઘોડાની ગરદન	મજલ=મુસાફરી; અંતર	શરત=હોડ; હારજીત
પરના વાળ	પાણીદાર=જોરવાળી;	ટટ્ટી=કામડાની વાડ
નક્કર=સંગીન	ઝડપથી દોડનાર	કુદાવે=ફલંગ મરાવે
સપાટ=સરખી	અરબી=અરબસ્તાની	જીન=ચામડાનું પલાણ
લગામ=દોર	નીમકહલાલ=ખાય તેનું	સવારી કરે છે=મુસાફરી
તીખા=ધારવાળા	ભલું કરનાર; ધણીનું	કરે છે.

સવાલ—ઘોડાની ગરદન પરના વાળને શું કહે છે? કેશવાળી કોને હોય છે? ઘોડા સપાટ જમીનપર સપાટાબંધ દોડી શકવાનું કારણ શું? એના કાન કેવા હોય છે? લગામ કયાં ઘાલે છે? કયા દાંત વડે ખોરાક કાપે અને કયા વડે ચાવે છે? ઘોડો શું શું ખાય છે? નાળ શા માટે જડાવે છે? ઘોડાનો રંગ કેવો કેવો હોય છે? ઘોડાની કઇ કઇ જાતો છે! ઘોડામાં કયા ગુણ છે? ઘોડો શા શા ઉપયોગમાં આવે છે? ઘોડો કેટલા વરસ સુધી જીવી શકે છે?

પાઠ ૫૬.

શેઠ=સાહુકાર
નાળબંધ=નાળ જડનાર
ખરી=જનાવરના પગના તળીઆનું હાડકું
ફેર=તફાવત
ઝુમખો=જથો
ઓંખારે=હણહણે
ભૂકવું=ગધેડાનું બોલવું
અડીઅલ=અડી જાય એવું; જીદ્દી; હઠીલું
ઠોઠ=અક્કલ વગરનો
નવાઇ=અચરતી
મહેનતુ=મહેનત કરે એવું
ધીરજવાળું=દુઃખ ખમનાર
કહ્યાગરું=કહ્યા પ્રમાણે ચાલનાર
ટટ્ટુ=નાનો ઘોડો
ખચ્ચર=ગધેડી ને ઘોડાના સંગમથી પેદા થયેલો તે
વાળ=નિમાળા; બાલ

સાર—ઘોડા, ખચ્ચર, અને ગધેડાનો મુકાબલો—ત્રણેને બે આંખ, બે કાન, ડોકું, મોં, માથું, પીઠ, પુછડું, અને ચાર પગ હોય છે, ત્રણેનું મોં લાંબું હોય છે, ત્રણેના શરીર પર ટુંકા વાળ છે. પગને તળીએ ગોળ દાબડા છે. ઘોડા અને ખચ્ચરના ડોકાપર કેશવાળી હોય છે. ઘોડા કરતાં ખચ્ચરના પુછડાપર મોટા લાંબા વાળ આખે પુંછડે હોય છે. ઘોડા કરતાં ખચ્ચર અને ગધેડાના કાન મોટા હોય છે. ગધેડા કરતાં ખચ્ચર મોટું, ને ખચ્ચર કરતાં ઘોડો મોટો હોય છે.

પાઠ ૫૭

ગોકળગાય=પરમેશ્વરની ગાય
વાનાં=વસ્તુ
ધડ=મોંચીથી પગસુધીનો ભાગ

ડોકું=ધડના ઉપરનો ભાગ	રના કમાનદાર વાળ	ગળું=ગોચીની પછવાડેનો ભાગ
તાળવું=મોઢાની અંદરનો ઉપલો ભાગ	પોપચું=આંખનું ઢાંકણ	વચલેગાળે=વચ્ચોવચ્ચ
ભવાં=ભમર: આંખ ઉપ	ખાળે=અટકાવે	કેડ=કંમર
	છેડો=નાકું	ઢીચણ=ઘુંટણ
	મૂળ=શરૂઆત	

સાર—શરીરના મુખ્ય બે ભાગ ડોકું ને ધડ છે. ડોકામાં માથું (માથા ઉપરનો ભાગ ખોપરી કહેવાય છે. તે પર વાળ ઊગે છે) કપાળ, લમણાં, કાન, આંખ, નાક, મોઢું, (મોઢાની અંદર જીભ, દાંત અને તાળવું છે.) ગાલ, ગળું, ગોચી, દાઢી, અને હડપચી છે. ધડમાં બે હાથ, ખભા, બગલ, છાતી, પેટ, ડુંટી, પેડુ, કેડ, વાંસો, બે પગ, જાંઘ, ઢીચણ, નળો, પાટલી, તળીઉં, એડી અને ઘુંટી છે.

પાઠ ૫૮

ઇંદ્રિય=જે વડે કોઈ વસ્તુનું કંઈપણ જ્ઞાન થાય તે	ફીકર=ચિંતા	બખાડો=અવળો
		જ્ઞાન=સમજ

સવાલ-ઇંદ્રિયો કોને કહેવી? ઇંદ્રિયો કેટલી છે ને તે કઇ કઇ? આંખ, કાન, નાક, જીભ અને ચામડીનો ઉપયોગ કહો. આંખ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. રંગ, આકાર અને ચળકાટ. હાથ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય? જ. ભારે કે હલકું; પોચું કે કઠણ; લીસું કે ખરબચડું; ટાઢું કે ઉનું; અને આકાર. કાન, નાક, અને જીભ વડે પદાર્થ કયા ગુણ જણાય! જ. નાક વડે વાસ; કાન વડે અવાજ અથવા રણકો; જીભ વડે સ્વાદ.

પાઠ ૫૯.

રંગરેજ=રંગારો
છુટી=રજા
મૂળ રંગ=લાલ, પીળો અને વાદળી રંગ
ઝાંખા=તેજ વગરના
સેલા=દુપટા
સાલ્લો=બાયડીને પહેરવાનું સુતરાઉ લુગડું
ગળીનો રગ=કાળો રંગ
વત્તા=વધારે
ખુલતા=બહાર પડતા


સવાલ-રંગરેજ શું કામ કરે છે? મૂળ રંગ ગણાવો. કીરમજી રંગ બનાવવાની રીત કહો. કીરમજી રંગથી કયા કયા લુગડાં રંગાય છે? કેસરીઓ રંગ શી રીતે બનાવવો? કેસરીઓ રંગ કહેવાનું કારણ શું? લીલો, નારંગી, તપખીરીઓ અને કત્થાઇ રંગ શી રીતે બનાવવો? ધોળાં રંગમાં થોડો કાળો રંગ મેળવીએ તો કયો રંગ બને? ઝાંખો ભુરો રંગ શી રીતે બને? ખુલતો વાદળી રંગ બનાવો. ગુલાબી શું શું મેળવીને બનાવે છે? મૂળ રંગથી બીજા રંગો શી રીતે બનાવે છે?

પાઠ ૬૦.

ઉઘાડો=નાગો; લુગડાં પહેર્યાં વગરનો
કાંતીને=તાર કાઢીને
દોશીવાણીઓ=કાપડીઓ
છીંટ=તરેહવાળું કપડું
જંગલી=સમજણ વગરના
છાલ=છોડું
રંગદાર=રંગવાળું
ઢાંકણુ=કવર
રૂવાંટી=ઝીણા વાળ
ગરજ સારે=કામ કરે
ભીંગડાં=જાડાં પડ
જામદાની=ઝીણું બુટ્ટાદાર લુગડું
બારનો=સુતરાઉ કપડું
ખાદી=દોટી

સવાલ-લુગડાં પહેરવાથી શો ફાયદો? ઊન એટલે શું? ઊનનું કયું કાપડ બને? ઘેટાંને ટાઢ કેમ વાતી નથી? ઊન સિવાય બીજાં શેનાં લુગડાં બને છે? રૂ કયાં થાય છે? જંગલી લોકો ઊન અને રૂનાં લુગડાં પહેરતાં નથી ત્યારે કેવાં કેવાં લુગડાં પહેરે છે? પશુ, પક્ષીને લુગડાં પહેરવાની જરૂર શા માટે પડતી નથી?

ભૂગોળની શરૂઆત



દિશા–(સ. ૧) દિશા કેટલી છે ? જ. ચાર. (સ. ૨) દિશાના નામ દો. જ. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ. (સ. ૩) દિશા શા ઉપરથી જાણી શકશો ? જ. સુરજ ઉપરથી. (સ. ૪) સુરજપરથી દિશા ઓળખવાની રીત બોલો. જ. જે દિશામાં સુરજ ઊગે તે પૂર્વ; આથમે તે પશ્ચિમ; સુરજ સામું મોં કરી ઉભા રહેવાથી ડાબા હાથ તરફની ઉત્તર, અને જમણા હાથ તરફની દક્ષિણ, (સ. ૫) રાતે શા વડે દિશા પારખશો ? જ. ધ્રુવના તારા ઉપરથી. (સ. ૬) ધ્રુવના તારા ઉપરથી દિશા જાણવાની રીત બોલો. જ. ધ્રુવનો તારો હંમેશાં ઉત્તર દિશામાં ઊગે છે માટે એ તારા તરફની ઉત્તર, તેની સામેની દક્ષિણ; જમણા હાથપર પૂર્વ ને ડાબા હાથપર પશ્ચિમ. (સ. ૭) જે ધ્રુવના તારાને નહિ ઓળખતા હોય તો તેને

માટે બીજું સાધન છે? જ. હોકાયંત્ર. (સ. ૮) હોકાયંત્રપરથી કઇ દિશા જાણી શકાય? જ. ઉત્તર દિશા. (એની સોય હંમેશા ઉત્તર દિશાપર રહે છે) (સ. ૯) દિશા જાણવાથી શું ફાયદો? જ. ફલાણી જગાથી ફલાણી જગો કઈ દિશાએ અથવા અમુક સ્થળથી અમુક સ્થળ કઈ દિશામાં આવે તે માલમ પડે. (સ. ૧૦) નકશાની દિશા શી રીતે જાણવી? જ. નકશા સામું મોં કરી ઉભા રહીએ તો માથા તરફની ઉત્તર, પગ તરફની દક્ષિણ, જમણા હાથ તરફની પૂર્વ અને ડાબા હાથ તરફની પશ્ચિમ. સૂચના-ચિત્રમાં નકશાની દિશા બતાવી છે.

ખુણા—(સ. ૧) ખુણા કેટલા છે? જ. ચાર. (સ. ૨) ખુણાનાં નામ બોલો. જ. અગ્નિ, નૈર્ઋત્ય, વાયવ્ય, ઇશાન. (સ. ૩) ખુણા પારખવાની રીત બોલો. જ. પૂર્વ ને દક્ષિણ વચ્ચે અગ્નિ, દક્ષિણ ને પશ્ચિમ વચ્ચે નૈર્ઋત્ય, પશ્ચિમ ને ઉત્તર વચ્ચે વાયવ્ય, ઉત્તર અને પૂર્વ વચ્ચે ઇશાન.

રાજકીય ભૂગોળના પ્રશ્નોત્તર.

મહેસુલી ખાતું—(સ. ૧) મહેસુલી ખાતું શું કામ કરે છે? જ. જમીનની મહેસુલ ઉઘરાવી તેનો હિસાબ રાખે છે. (સ. ૨) ગામની મહેસુલ ઉઘરાવનારને શું કહે છે? જ. તલાટી. (સ. ૩) તલાટીને મદદ કરનાર કોણ છે? જ. મુખી. (સ. ૪) તલાટીના ઉપરીને શું કહે છે? જ. મામલતદાર. (સ. ૫) મામલતદાર માજીસ્ટ્રેટ ક્યારે કહેવાય? જ. ઇન્સાફનું કામ કરે ત્યારે. (સ. ૬.) મામલતદારપર કોણ દેખરેખ રાખે છે? જ. આસિસ્ટંટ કલેકટર કે ડેપ્યુટી કલેકટર. (સ. ૭) આસિસ્ટંટ કલેકટર અને ડેપ્યુટી કલેકટરના ઉપરીને શું કહે છે? જ. કલેકટર. (સ. ૮) કલેકટર શું કામ કરે છે? જ. મહેસુલી, પોલીસ, મ્યુનિસિપાલ, ઇસ્પિતાલ, બાંધકામ વગેરે

ખાતાપર દેખરેખ રાખે છે. (સ. ૯) કલેકટર ઇન્સાફનું કામ કરે છે ત્યારે એ કયા અધિકારી કહેવાય? જ. ડિસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ. (સ. ૧૦) કલેકટરને પોલિટિકલ એજંટ કયારે કહે છે? જ. જ્યારે દેશી રાજ્યો સંબંધી કામકાજપર દેખરેખ રાખવાનું કામ કરે છે ત્યારે.

પોલીસ ખાતું—(સ. ૧) પોલીસ ખાતું શું કામ કરે છે? જ. લોકોના જાનમાલનું રક્ષણ કરે છે. (સ. ૨) ગામડામાં પોલીસ અધિકારી કોણ છે? જ. પોલીસ પટેલ અથવા મુખી. (સ. ૩) તાલુકાના પોલીસના ઉપરીને શું કહે છે? જ. ફોજદાર. (સ. ૪) ફોજદારપર કોણ દેખરેખ રાખે છે? જ. પોલીસ ઇન્સ્પેકટર. (સ. ૫) ફોજદાર અને પોલીસ ઇન્સ્પેકટરના ઉપરીને શું કહે છે? જ. પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ.

દિવાની ખાતું—(સ. ૧) દિવાની ખાતું શું કામ કરે છે? જ. લેણદેણનો ઇન્સાફ કરે છે. (સ. ૨) તાલુકામાં લેણદેણનો ઇન્સાફ કરવાને કઇ કોર્ટ છે અને તેના ઉપરીને શું કહે છે? જ. સેકન્ડ કલાસ સબજજ કોર્ટ. એના ઉપરીને સબજજ (મુન્સફ) સાહેબ કહે છે. (સ. ૩) શહેરમાં સબજજ કોર્ટો કઈ છે? જ. ફર્સ્ટ કલાસ અને સેકન્ડ કલાસ. (સ. ૪) જિલ્લામાં ઇન્સાફ કરનાર મુખ્ય અધિકારી કોણ છે, ને તે શું કરે છે? જ. ડિસ્ટ્રીકટ જજ. તેઓ લેણદેણ સંબંધી ભારે દાવા અને ખુન ચોરી વગેરેનો ઇન્સાફ કરે છે. (સ. ૫) ડિસ્ટ્રીકટ જજના હાથ નીચે એ ખાતાના કયા કયા અધિકારી છે? જ. સબજજ અને માજીસ્ટ્રેટ.

વૈદક ખાતું—(સ. ૧) વૈદકખાતું શું કામ કરે છે? જ. માંદા માણસની માવજત કરે છે, તથા તેમને દવા આપે છે. (સ. ૨) તાલુકામાં વૈદક અધિકારી કોણ હોય છે? જ. હોસ્પિતાલ આસિસ્ટંટો

(સ. ૩) હોસ્પિતાલ આસિસ્ટંટના હાથ નીચે કોણ હોય છે? જ. કંપાઉન્ડર (દવા આપનાર) (સ. ૪) હોસ્પિતાલ આસિસ્ટંટના ઉપરી કોણ અને તેઓ ક્યાં રહે છે? જ. સિવિલ સર્જન, તે જિલ્લાના મુખ્ય શહેરમાં રહે છે.

જાહેર બાંધકામ ખાતું—(સ. ૧) જાહેર બાંધકામ ખાતું શું શું કામ કરે છે? જ. સરકારી મકાનો, રસ્તા, પૂલો અને સડકો વગેરે બાંધે છે, તેમજ સમરાવે છે. (સ. ૧) એ ખાતા તરફથી તાલુકામાં કોણ હોય છે? જ. ઓવરસીઅર. (સ. ૩) ઓવરસીઅરના ઉપરીને શું કહે? જ. એક્ઝિક્યુટિવ ઇજિનેર.

કેળવણી ખાતું—(સ. ૧) આસિસ્ટંટ માસ્તરના ઉપરીને શું કહે છે? જ. મહેતાજી. (સ. ૨) નિશાળોની તપાસ રાખવા માટે જિલ્લામાં કોણ છે? જ. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર. (સ. ૩) ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને મદદ કરનાર કોણ? જ. આસિ. ડે. એ. ઇન્સ્પેક્ટરો અને તાલુકા માસ્તરો.

મ્યુનિસિપલ ખાતું—(સ. ૧) મ્યુનિસિપાલીટી શું શું કામ કરે છે? જ. રસ્તા સાફ રાખવાનું, દીવાબત્તી સળગાવવાનું, સડકોપર પાણી છાંટવાનું, લોકોની સુખાકરી સંભળાવવાનું, શરૂઆતની કેળવણી આપવાનું વગેરે. (સ. ૩) મ્યુનિસિપાલીટીનો ખરચ શાથી નભે છે? જ. જકાત, જાજરૂવેરો, ઘરવેરો, નળવેરો, ગાડીવેરો, વગેરેથી. (સ. ૩) મ્યુનિસિપાલીટી કયા ગામમાં હોય અને કયા ગામમાં ન હોય? જ. પાંચ હજાર કરતાં વધારે માણસની વસ્તી હોય ત્યાં મ્યુનિસિપાલીટી હોય અને એથી ઓછી વસ્તી હોય ત્યાં ન હોય. (સ. ૪) મ્યુનિસિપાલીટીનો કારભાર કેવી રીતે ચાલે છે? જ. સરકાર તરફથી નિમાયલા અને પ્રજા તરફથી ચુંટી કઢાયલા સભાસદોથી. (સ. ૫)

એ સભાસદો શા નામથી ઓળખાય છે? જ. કૌંસિલર. (સ. ૬) મ્યુનિસિપાલીટીમાં સૌથી ઉપરી કોણ અને તેને મદદ કરવાને કોણ કોણ હોય છે? જ. પ્રેસિડન્ટ અને તેને મદદ કરવા ચીફ ઓફીસર, સેક્રેટરી, ઇન્સ્પેક્ટરો ને કારકુનો વગેરે હોય છે.

લોકલફંડ ખાતું—(સ. ૧) લોકલફંડ ખાતું શું શું કામ કરે છે? જ. કુવા, તળાવ, રસ્તા, વગેરે બાંધવાનું તથા સમારવાનું અને કેળવણી આપવાનું. (સ. ૨) લોકલફંડ ખાતાનો ખરચ શેમાંથી ચાલે છે? જ. સરકાર જમીન ઉપર જે મહેસુલ લે છે, તે પર દર રૂપીએ સવા આનો લોકલફંડનો વધારો લે છે. તેમાંથી ચાલે છે. (સ. ૩) લોકલફંડનો વહીવટ કરનાર મંડળને શું કહે છે? જ. લોકલબોર્ડ. (સ. ૪) લોકલફંડનો હિસાબ રાખનાર અધિકારીને શું કહે છે? જ. લોકલફંડ કલાર્ક.

પોસ્ટ ખાતું—(સ. ૧) પોસ્ટ ખાતું શું કામ કરે છે? જ. કાગળો, બેંગીઓ, પારસલો, તથા પૈસા એક ગામથી બીજે ગામ લઇ જવા લાવવાનું તથા પૈસા સાચવી તેનું વ્યાજ આપવાનું કામ કરે છે. (સ. ૨) પોસ્ટ માસ્તરને મદદ કરનાર કોણ કોણ હોય છે? કારકુન, સિપાઇ, ટપાલી.

ઉપર સિવાય તારખાતું, જંગલખાતું, સરવૈખાતું, એગ્રિકલચર ખાતું, આબકારી ખાતું, કસ્ટમ ખાતું, નીમક ખાતું, શીતળા ખાતું, રજીસ્ટર ખાતું વગેરે ખાતાં છે.

વ્યાખ્યા.

શેરી—સામસામી ઘરોની હાર હોય તે.

મહોલ્લો—ઘણી શેરી મળીને થએલો ભાગ.

પરૂં—શહેરનો પાછળથી વધેલો ભાગ.

ગામ—નાનાં નાનાં ઘણા ઘરની વસ્તી હોય તે.

કસ્બો—તાલુકાનું સૌથી મોટું ગામ જેનાં ૫૦૦૦ કરતાં વધારે માણસની વસ્તી હોય તે.

શહેર—સારાં મોટાં બજારો, છોબંધ અને હારબંધ ઘણાં ઘરો હોય તે.

તાલુકો—ઘણાં ગામો મળીને થએલો ભાગ. જે મામલતદારના તાબામાં હોય છે તે.

જિલ્લો—કલેકટરના તાબાનો મુલક કે જેમાં ઘણા તાલુકા આવેલા હોય છે તે.

બંદર—નદી કે દરીઆ કાંઠે આવેલું શહેર કે જ્યાંથી ઘણો માલ વહાણ મારફતે આવજા થતો હોય તે.

એજન્સિ—નાનાં દેશી રાજ્યોનો જથો.

પોલિટિકલ એજંટ—દેશી રાજ્યપર દેખરેખ રાખનાર સરકારી અધિકારી.

તળાવ—જેની ચારે બાજુ જમીન ને વચ્ચે પાણી હોય તે.

બેટ—જેની ચારે બાજુ પાણી ને વચ્ચે જમીન હોય તે.

પહાડ—ઘણાં ઉંચા, લાંબા, પહોળા ટેકરા મળી થયેલો ભાગ.

નદી—મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નીકળી નિચાણ જગાપર થઇ મોટી નદી અથવા દરીઆને મળે છે તે.

સમુદ્ર—ખારા પાણીનો ભાગ. આગબોટ વગેરેનો માલ લાવવા લઇ જવાનો ધોરી રસ્તો. નદીને મળવાનું ઠેકાણું.

મીઠબંદર—મીઠું પકવવાને મુકરર કરેલી જગા.

હવાખાવાનું ઠેકાણું—જ્યાં ચોકખી ને ઠંડી હવા આવતી હોય તે.

જાત્રાનું ઠેકાણું—પવિત્ર જગા કે જ્યાં પુષ્કળ જાત્રાળુ આવતા હોય છે.

પેદાશ—ગામમાં કે શહેરમાં કે જિલ્લામાં થતો મુખ્ય પાક.

નિકાસ—બીજે દેશ જતી ચીજો.

આયાત—પરદેશથી આવતી ચીજો.

ડ્રિલ માટે આપેલી સૂચના પહેલી ચોપડીના અર્થમાં જુઓ

ડમ્બેલ્સની ડ્રિલ.

દરેક રમત ૧૧ સુધી કરાવવી ત્યારે ડમ્બેલ્સ પહેલાં મૂકેલા હતા તે પ્રમાણે મુકાવી દેવડાવવા.

હેતુ—છાતી તથા હાથના સ્નાયુ ખીલવવાનો.

રમત ૧૧) (૧) જમણો હાથ ઉંચો. (૨) જમણા હાથની મુઠ્ઠી મોં તરફ લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૨) (૧) ડાબો હાથ ઉંચો. (૨) ડાબા હાથની મુઠ્ઠી મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૩) (૧) જમણો હાથ ઉંચો. (૨) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૪) (૧) ડાબો હાથ ઉંચો. (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૫) બેઉ હાથ ઉંચા રાખવા. (૧) જમણા હાથની મુઠ્ઠી મોં તરફથી લઇ ફેરવી જમણો હાથ ઉંચો રાખવો. (૨) ડાબા હાથની મુઠ્ઠી મોં તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉંચો રાખવો.

રમત ૧૬) બેઉ હાથ ઉંચા રાખવા. (૧) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૭) બેઉ હાથ ઉંચા. (૧) જમણો હાથ માથા ઉપરથી મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ માથા ઉપરથી મોં તરફથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૮) (૧) બેઉ હાથ સામા લાંબા મુઠીઓ જમીન તરફ. (૨) બેઉ હાથ બગલ આગળ લાવવા કોણીઓ પાછલી તરફ.

રમત ૧૯) (૧) બેઉ હાથ સામા લાંબા મુઠીઓ જમીન તરફ. (૨) બેઉ હાથ પાછળ લાંબા મુઠીઓ આકાશ તરફ.

રમત ૨૦) બેઉ પગ વચ્ચે એક ફુટનું અંતર રાખવું. (૧) બેઉ હાથ ઉંચા. (૨) બેઉ હાથ પગનાં આંગળા આગળ.

પાઠવાર જોડાક્ષરો તથા અઘરા શબ્દો.

પરમેશ્વરે.	ઝગઝગાટ.	ચૈત્ર.	દ્રાક્ષ.	દિવસ.
કર્યું.	ભક્ત.	વૈશાખ.	ડાહ્યો.	ગવેડાવું.
વરેમાર્ગું.	ધ્યાન.	અસાડ.	નિશાન.	મસ્તીમાં.
ભક્તિ.	શ્રાવણ.	ધોએલાં.	ઢગલા.	તંમર.
પૃથ્વી.	વસ્ત્ર.	વિખુટા	અથડાયું.	ખડખડતો.
ધર્મશાળા.	દિવાળી.	પિત્તળનાં.	ભાગ્યશાળી	જક્કી.
હોશિયારી.	પોષ.	મિઠાઇ.	વિદ્યા.	માંડું.
વર્ણન.	સુદ	લક્કડ.	પુત્રનાં.	કુંડમાં.
ભમર.	પખવાડીઆં	પુષ્કળ.	વંઠી.	પિવાડતો.
પૂર્વે.	તિથિઓ.	સુતરાઉ.	ચૌટામાં.	અસાબીજ.

ગોધતો.	ઉઠાડયો.	કહ્યું.	ભાંગીતૂટી.	ધૂળમાં.
કૂદયું.	ભૂલથાપ.	નિરે.	વિચાર્યું.	હાટે.
સમજાવ્યું.	દહ.	કલેશ.	ગાર્ડ.	કિનારો.
ઉંઘ્યા.	છુટીની	રામચંદ્રજી.	સ્ટેશન.	અર્થી.
શિખામણ.	મિત્ર	દર્પણ.	સંદેશો.	વાટમાં.
રિસાળ.	અર્ધું.	શ્રીરામ.	સોંપ્યો.	હરખાએલું
સુદ્દલ.	સ્વાદે.	કૌશલ્યા.	દુ:ખ.	શિખામણ.
રિસાઇ.	કુટુંબના.	ઊઠયો.	ગોઠવણ.	નિહાળ્યું.
ભાંગભાંકુ.	સોહામણી.	ઇચ્છા.	ખડખડાટ.	ડર્યો.
ઢોંગ.	નુકસાન.	ગભરાટમાં.	સિસોટીનો.	ઝૂલતાં.
યત્ન.	પુતળાં.	ગણકાર્યું.	મિનિટ.	છેપેછાકરે
તૂટલે.	ધાન્યથી.	સર્વે.	દોરડું.	પૈસેટકે,
હિંમત.	ચટણી..	વિચાર્યું.	હીંચકા.	ખૂબસુરત.
સીડયો.	ધોતલીમાં.	બ્રાહ્મણ	હિંચોળે.	રૂપીઆ.
છટ્ટી.	કૂટયું.	વિદ્યાર્થી	ઢીમણું.	ભૂખ્યો.
અજીતસિંહ.	ફૂટેલું.	મૂર્ખ.	ઓઢ્યા.	શીંગડાનો.
શિવશંકર.	પસ્તાયો.	ધણિઆણી.	નીમણુક.	દોડયું..
ચક્કરમાં.	ઝૂટવી.	છોકરાંછૈયાં	ચીતરામણ	ખડખડાટ.
દોડાદોડ.	ખેંચતાણ.	ઇશ્વર.	દીલગીર.	સંકટમાંથી.
ધૂમી રહ્યો.	સહીઅરો.	જન્મ.	ઠેકાઠળીઆ	શિઆળ.

ભર્યા.	દુશ્મન.	પુષ્કળ.	સ્લેટ.	મામલતદાર
ગભરાટ.	દેડકો.	પ્રભુનો.	વિજ્યા.	હરિભાઈ.
પ્રાણી.	કૂદતો.	મહિમા.	મુકુંદ.	માસ્તર.
ચટાપટા.	તડુકતો.	જગપતિ.	ફુટપટી.	ટપાલી.
ડીલ.	ફુદડું.	સરજાવ્યાં.	મધ્યમ.	ધોએલાં.
ભઠ્ઠીમાં.	ચઢાઉ.	સિંધુ.	પગથીઉં.	દાક્તર.
ધગધગતા.	ભિખારીને	સરિતા.	ટેબલો.	વનસ્પતિ.
લગ્ન.	ઉતર્યું.	રળિઆમણી	ખુરસી.	ધગધગતા.
પિઅરથી.	ભૂલ્યો.	સૂર્યનો.	સ્ટેશન.	પક્ષીઓ.
ટાંકણું.	ધ્રૂજતો.	સ્હોય.	નિશાન.	ઢોર.
આપકર્મી.	સોભાગચંદ	વનસ્પતિ.	મુકાવ્યું.	ઘોંઘાટ.
બાપકર્મી.	પહેર્યાં.	નાળિએરી.	વર્ગ.	લક્ષ્મણ.
સોંપ્યું.	બ્રાહ્મણ.	પલ્લવ.	ખૂશ.	રામચંદ્ર.
ઉદેસીંગ.	દેશાવર.	વિશેષ.	નિચાણમાં.	મોઢું.
ઓચીંતી.	સ્રી.	ચોટા.	ઈશ્વરલાલ.	સર્વે.
ઢેકાવી.	અર્થો.	શિખંડ.	ભાડું.	ટિકિટ.
લશ્કર.	ઢંકાએલાં.	પશ્ચિમ.	અધિકારી.	ધાન્ય.
હિંમત.	અંગુઠીઆં.	દક્ષિણ.	ગંધ.	નિર્દય.
પ્રાર્થના.	નિશાની,	ઉત્તર.	બંદોબસ્ત.	દુઃખ.
તડંગધુમ.	કુંકકું.	હંમેશાં.	મુસલમાન.	કુમાવી.

અક્ષરો.	સસ્તું.	ધુસરી.	ઇચ્છા.	પ્રીતિ.
ભટ્ઠી.	પાંદડીનું.	અન્ન.	ઇંડા.	શરત.
વિષે.	મુળીઆં.	સંતોષ.	રક્ષણ.	ટટ્ટીઓ.
જન્મ.	ઝીંઝવો.	લટ્ટુ.	જંતુનો.	ઉપયોગી.
છિદ્રો.	ચરાઉ.	ઉત્તમ.	હુન્નર.	બરદાસ.
તાંબું.		ટાંકણું.	મંકોડા.	ત્રાસ.
પિત્તળનાં.	ગડીઓ.	ઝપાટો.	ઉદ્યોગ.	મૂકે છે.
ધંધો.	સુગંધ.	અગિઆર.	ખાબોચીઉં	વહ્યાં.
તાંબાકુંડી.	અત્તર.	કુક્કર.	ચીકટ.	અડીઅલ.
કથરોટ.	દાંડી.	શિઆળવાં	ભિજાતું.	મહેનત.
ફુલ.	સાદડીઓ.	રંધાઇને.	દાંડીઓ.	કહ્યાગરૂં.
સિક્કા.	ઝુંપડાં.	હિસાબે	ભિંજાઇ.	ટટ્ટુ.
ટંકશાળ.	ગુચ્છો.	પૈસાદાર.	ખોતરવાની	ખચ્ચર.
પૂછયું.	સળંગ.	તત્કાળ.	કુકરેકૂક.	ઘડ.
મેળવણીથી.	અથાણું.	વાઘરી.	તણખલાં.	હોઠ.
શિરોઇ.	કૌવતવાળું	ઓઢીને.	બચ્ચાં.	હડપચી.
કટાતું.	આળસુ.	ધુણી.	જાંગ.	શીંગડા.
ચળકાટ.	કોશ.	બગાડયું.	નક્કર.	કાંડું.

સમાપ્ત.